સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67
સોમવાર, તા. ૧૬-૧૦-૨૦૨૩ (જૂનાગઢ આવૃતિ)


Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com



જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


બીજું નોરતું
Happy Navratri


શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ



Swachhata Hi Seva



## જન-જનની શક્તિ થકી, સાકાર કરીએ સ્વચ્છતા અભિયાન...













શહેરને સ્વચ્છ રાખવું એ આપણા સૌની જવાબદારી છે.

આવો, ભેગા મળી **સ્વચ્છતા એ જ સેવા** થકી સ્વચ્છ ગુજરાતનું સપનું કરીએ સાકાર

તમારા શહેરની સ્વચ્છતાની ફરિયાદ માટે
**સ્વચ્છતા એપ** ડાઉનલોડ કરો અને સ્વચ્છાગ્રહી બનો

Swachhata

### સ્વચ્છતાની સમસ્યાઓનો, મળશે સ્વચ્છતા એપમાં ઉકેલ

- કચરાનું વાહન આવ્યું નથી
- જાહેર શૌચાલયમાં પાણી પુરવઠો નથી
- મૃત પ્રાણી
- જાહેર શૌચાલય ભરાયેલું હોય
- સફાઈ કરવામાં આવી નથી
- જાહેર શૌચાલયની સફાઈ
- ડસ્ટબિન સાફ નથી
- કચરાનો ઢગલો
- જાહેર શૌચાલયમાં વીજળી નથી

Join with us #SwachhGujarat2023

## સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત

# માત્ર પાંચ કલાકમાં ગાઝા ખાલી કરી દેવા ઈઝરાયેલનું અલ્ટીમેટમ

## ભયાનક હુમલાનું કાઉન્ટ-ડાઉન શરૂ : ઈઝરાયેલે ગાઝા સરહદે ૧૦૦૦ ટેનકો તૈનાત કરી : હવાઈ હુમલા પણ ચાલુ : પેલેસ્ટીયન નાગરીકોને સેફ પેસેજ આપવા ઈજીપ્તે રફઆ બોર્ડર ખોલી



તેલઅવિવ તા. ૧૬

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ભીષણ યુધ્ધ ચાલી રહયું છે ત્યારે હમાસનો ખાત્મો કરવા માટે ઈઝરાયેલ ભયાનક હુમલાની તૈયારી કરી લીધી છે અને વિશ્વમાં સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતા વિસ્તાર ગાઝા પટ્ટીમાંથી લોકોને સહી સલામત નીકળી જવા માટે માત્ર પાંચ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. ઈઝરાયેલ આપેલા અલ્ટીમેટમની મુદત આજે બપોરે ૨.૦૦ કલાકે સમાપત થઈ જશે ત્યારે એવું મનાય છે કે ઈઝરાયેલ ગાઝા ઉપર ભીષણ હુમલો કરશે. ગાઝા ઉપર હુકમલો કરવા માટે ઈઝરાયેલ ૧૦૦૦ ટેન્કો તૈનાત કરી દીધી છે તેમજ હવાઈ હુમલા પણ ચાલુ રાખ્યા છે. ઈઝરાયેલનાં અગાઉ કરાયેલા હવાઈ હુમલામાં ગાઝામાં એટલો ભયાનક વિનાશ સર્જાયો છે કે, સમગ્ર ગાઝા કબ્રસ્તાનમાં ફેરવાઈ ગયું છે.

બીજી તરફ ઈઝરાયેલનાં અસ્ટીમેટમને ધ્યાનમાં રાખીને ગાઝાની ઈજીપ્ત સાથે જોડાયેલી સરહદ પર રફાઆ ક્રોસીંગને ખોલી દેવાનો ઈજીપ્તે નિર્ણય કર્યો છે જેથી પેલેસ્ટીયનનાં નાગરીકો રફાઆ માર્ગે ઈજીપ્તમાં આશરો લઈ શકે આ અગાઉ ઈજીપ્તની સરકારે બોર્ડર નહી ખલવાનો નિર્ણય કર્યો હતો પરંતુ અભૂતપુર્વ માનવીય કટોકટીને ધ્યાનમાં રાખતા આખરે ઈજીપ્તે તેની ગાઝા સાથેની બોર્ઠડર ખલલી દીધી છે.

બીજી તરફ ઈઝરાયેલ પેલેસ્ટીયન બોર્ડર ઉપર તૈનાત સંયુકત શાનંતિ સેનાનાં કેમ્પ ઉપર પણ રોકેટ હુમલો થયો છે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૦ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, ગાઝા પટ્ટીમાં મૃતકોની સંખ્યા સતત વધી રહી છે.

મામલો એ હદે પહોંચી ગયો છે કે હવે મૃતદેહોને દફનાવવા માટે જગ્યા બચી નથી. ગાઝામાં પેલેસ્ટીનિયનોના મળતદેહોને હવે આઈસ્ક્રીમ વાનમાં ભરવા પડશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પેલેસ્ટાઈનના દેઈર અલ-બલાહ શહેર સ્થિત શુહદા અલ-અક્સા હોસ્પીટલના ડૉક્ટર યાસર અલીએ જણાવ્યું કે હોસપિટલના શબઘરમાં માત્ર ૧૦ મૃતદેહો જ બાકી છે. કબ્રસ્તાનમાં લોકોને દફનાવવા માટે પણ જગ્યા નથી. તેથી, મજબૂરીમાં, અમારે મૃતદેહોને આઈસ્ક્રીમ વાનમાં રાખવા પડ્યા છે. ડોકટરે કહ્યું કે વિડંબના એ છે કે આઈસ્કીમ વેનની બહાર બાળકોની મસ્તી કરતી તસવીરો છે જયારે તેની અંદર મૃતદેહો પડ્યા છે.

## અમેરીકા જ સુપર પાવર : હમાસનો ખાત્મો જરૂરી પરંતુ ગાઝા પર કબ્જો કરવો ઈઝરાયેલની મોટી ભુલ ગણાશે : બાઈડન



તેલ અવીવ તા.૧૬

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે હમાસનો ખાત્મો જરૂરી છે પરંતુ ગાઝા પર કબજો કરવો ઈઝરાયલ માટે મોટી ભૂલ હશે. તેમણે કહ્યું- હમાસે બર્બરતા કરી છે. આ સંગઠનને ખતમ કરવું જરૂરી છે. પરંતુ પેલેસ્ટિનિયન લોકો માટે પણ એક દેશ હોવો જોઈએ, અલગ સરકાર હોવી જોઈએ. સાથે જ જો ઈઝરાયલ ગાઝા પર કબજો જમાવી લે તો તે મોટી ભૂલ ગણાશે. ન્યૂઝ એજન્સી AP અનુસાર, બાઈડેન આગામી દિવસોમાં ઈઝરાયલની મુલાકાત લઈ શકે છે. APએ વ્હાઈટ હાઉસના અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે બાઈડેનની ઈઝરાયલ મુલાકાતની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. ૭ ઓક્ટોબરે શરૂ થયેલા યુદ્ધનો આજે ૧૦મો દિવસ છે. ઈઝરાયલના હુમલાને કારણે ગાઝામાં અત્યાર સુધીમાં ૨,૪૫૦ પેલેસ્ટાઈનનાં મોત થયા છે. જેમાં ૭૨૪થી વધુ બાળકો અને ૩૭૦થી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, હમાસના હુમલામાં લગભગ ૧,૪૦૦ ઈઝરાયેલનાં મોત થયા છે.

અલ જઝીરા અનુસાર, ઈઝરાયલના સૈનિકોએ પશ્ચિમ કાંઠે ઓપરેશન હાથ ધર્યું છે. અહીંથી ઘણા પેલેસ્ટાઈનની ધરપકડ કરવામાં આવી છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી પશ્ચિમ કાંઠે ૫૩ લોકોનાં મોત થયાં છે. ૧,૧૦૦ લોકો ઘાયલ થયા છે.

ઈઝરાયલની સેનાએ ગાઝામાં સૈન્ય કાર્યવાહી માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ ડેનિયલ હેગેરીએ રવિવારે રાત્રે કહ્યું - અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. માત્ર સરકાર તરફથી ગ્રીન સિગ્નલની રાહ જોવાઈ રહી છે. આ અંગે અમે તેમની સાથે પણ વાત કરી રહ્યા છીએ.

વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ૧૫ ઓક્ટોબરે ગાઝા સરહદ પર ઈઝરાયલી સૈનિકોને મળ્યા હતા. ઈઝરાયલની સેના ગ્રાઉન્ડ એક્શન ક્યારે શરૂ કરશે તે પ્રશ્નનો તેમણે જવાબ આપ્યો ન હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના ૧૦ હજાર સૈનિક ગાઝામાં ગ્રાઉન્ડ એટેક માટે તૈયાર છે. સરહદ પર ઈઝરાયલી ટેન્ક તહેનાત છે.

## દિયોદર - જૂનાગઢ એસટી બસને પાટડી નજીક અકસમાત : કંડકટરનું મોત : ૪૦ મુસાફરો ઘાયલ



સુરેન્દ્રનગર તા. ૧૬

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી રોડ ઉપર આવેલા અણીન્દ્રા ગામ નજીક એસટી બસ ખાડામાં ખાબકતા ૪૦ પેસેન્જરને ગંભીર ઈજાઓ પહોંચી છે અને કંડકટરનું મોત નીપજવા પામ્યું છે. રાત્રિના ૧૨:૩૦ વાગ્યાના અરસામાં જુનાગઢ દિયોદર નામની બસને અકસ્માત નડયો હતો. બસનું સ્ટેરીંગ લોક થઈ ગયા બાદ આ અકસ્માત સર્જાયા હોવાનું પ્રાથમિક બાબતે ચર્ચાઇ રહ્યું છે.

જુનાગઢ દિયોદર રૂટની બસ રાત્રિ દરમિયાન દિયોદર થી જુનાગઢ તરફ જઈ રહી હતી તે દરમિયાન પાટડી રોડ ઉપર આવેલા અણીન્દ્રા ગામથી આશરે બે કિલોમીટર દૂર અચાનક બસ નું સ્ટેરીંગ લોક થઈ ગયું હતું જેને લઈ ડ્રાઈવર સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવી બેઠો હતો અને ત્યારબાદ સૌ પ્રથમ રોડની રોંગ સાઈડમાં બસ ઉતરી ગઈ હતી પરંતુ ત્યાંથી ડ્રાઈવર સમય સૂચકતા વાપરી અને બસને સ્પીડમાં હોવાના કારણે બહાર કાઢી લીધી હતી પરંતુ રોડની સામે આવેલી ખાડમાં આ બસ ખાબકી હતી અને ૪૦ જેટલા પેસેન્જરને આ અકસ્માતને લઈ ગંભીર ઈજાઓ પહોંચી છે.

અકસ્માતમાં મોટાભાગના ઈજાગ્રસ્ત મહિલા અને બાળકો હોવાનું બહાર આવ્યું છે ખાસ કરીને રિકુટ પોલીસ કર્મચારીઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે સુરેન્દ્રનગર પોલીસ વિભાગ પણ મધરાત્રીએ દોડતું બન્યું છે અને જે ઈજાગ્રસ્ત છે તેમના પરિવાર સાથે સંપર્ક સાધવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે અને આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે ડ્રાઈવરને પણ આ બનાવને લઈ ગંભીર ઈજાઓ પહોંચી છે.

જુનાગઢ દિયોદર બસ દિયોદર થી પરત જુનાગઢ ફરી રહી હતી તે દરમિયાન અચાનક અણીન્દ્રા ગામ પાસે સ્ટેરીંગ લોક થઈ ગયા હોવાના કારણે ગંભીર અકસ્માત સર્જાયો છે ૪૦ લોકોને ઈજાઓ થઈ છે પરંતુ બસમાં ફરજ ઉપર રહેલા કંડકટર ઘેલાભાઈ ભુવા આહીર નું મોત નીપજયું છે. ઘેલાભાઈ ભુવા પોતે અમરેલીના રહેવાસી છે છેલ્લા દસ વર્ષથી કંડક્ટર તરીકે ફરજ બજાવે છે સંતાનમાં એક પુત્ર છે જુનાગઢ ડેપોમાં ફરજ બજાવે છે ત્યારે તેમનું આ અકસ્માતમાં મોત નિપજતા સમગ્ર એસટી વિભાગમાં પણ શોકની લાગણી ફેલાઈ છે.

## અમદાવાદમાં ઈન્કમટેક્ષનાં દરોડામાં રૂા.૨૦૦ કરોડનાં બિનહીસાબી વ્યવહારો મળ્યા

અમદાવાદ તા.૧૬: ઈન્કમટેકસના અધિકારીઓએ અમદાવાદના મોટા કરચોરોને ટાર્ગેટ કરી તેમની કરચોરી શોધી કાઢવાનું ઓપરેશન શરૂ કર્યું છે. પહેલાં સ્વાતિ બિલ્ડર ગ્રૂપ અને ત્યારબાદ બ્લીચ કેમ તથા ધારા કેમિકલના મોટા વેપારીઓને ત્યાં ઈન્કમટેકસના અધિકારીઓ ત્રાટકયા હતા. લગભગ ચાર દિવસ સુધી બ્લીચ અને ધારા કેમિકલના કેયૂર શાહ, દીપક શાહ તથા સંજય પટેલની ઓફિસ અને નિવાસ્થાન મળી કુલ ૨૦ સ્થળે ચાલતા ઈન્કમટેક્સના દરોડાની કામગીરી પૂર્ણ થઈ છે. અધિકારીઓએ હવે નિવેદનો લેવાનું શરૂ કર્યું છે. દરોડા દરમિયાન રૂ. ૨૦૦ કરોડથી વધુ બિન હિસાબી વ્યવહારોની વિગતો મળી છે. મોટા પ્રમાણમાં રોકડ અને સોના ચાંદીના દાગીના તથા ડિજિટલ ડેટા મળી આવ્યા છે. બ્લેકમનીનું જમીનો અને પ્રોપર્ટીઓમાં રોકાણ કર્યું હોવાની પ્રાથમિક વિગતો સામે આવી રહી છે. કેમિકલનો વેપાર કરતાં કેયૂર શાહે કરોડો રૂપિયાની નિકાસ અને વેચાણની વિગતોમાં ગોટાળા કર્યા હોવાનું સામે આવી રહ્યું છે. ગુજરાતનાં મોટા કદના રાજકીય અગ્રણી કે જે વર્ષો સુધી ગુજરાત સરકારના મંત્રી રહ્યા હતા અને એક જમાનામાં તેમના સિક્કા પડતા હતા. આ અગ્રણીનું પીઠબળ મળી જતા કેમિકલના વેપારી કેયૂર શાહે ઈન્કમટેક્સ ચોરી કરવામાં પાછું વળીને જોયું નહોતું. તેમણે રાજકીય અગ્રણીની વગનો ઉપયોગ કરીને પોતાનો ધંધો વિકસાવ્યો હતો આટલું જ નહીં રાજકીય અગ્રણીના કરોડો રૂપિયા તેના ધંધામાં રોકવામાં પણ આવ્યા હતા.

## મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણાની ચૂંટણી માટે કોંગ્રેસે ૨૨૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

નવી દિલ્હી તા.૧૬

પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયા બાદ કોંગ્રેસની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરાઈ છે, કોંગ્રેસે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણામાં આગામી મહિને યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ૨૨૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં મધ્યપ્રદેશના ૧૪૪, છત્તીસગઢના ૩૦ અને તેલંગાણાના ૫૫ ઉમેદવારોના નામ સામેલ છે.

પાર્ટીએ પૂર્વ મુખ્યમંત્રી કમલનાથને છિંદવાડાથી ટિકિટ આપી છે. બુધનીથી સીએમ શિવરાજ સિંહ સામે વિક્રમ મસ્તલને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને તેમની પરંપરાગત બેઠક પાટણથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે અને નાયબ મુખ્યમંત્રી ટીએસ સિંહદેવને અંબિકાપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

કોંગ્રેસે છત્તીસગઢ માટે પોતાના ઉમેદવારોની યાદી પણ જાહેર કરી દીધી છે. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પાટનથી ચૂંટણી લડશે જ્યારે નાયબ મુખ્યમંત્રી ટીએસ સિંહદેવ તેમની પરંપરાગત બેઠક અંબિકાપુરથી ચૂંટણી લડશે. આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા તામ્રધ્વજ સાહુ દુર્ગ ગ્રામીણથી ચૂંટણી લડશે.

કોંગ્રેસે મધ્યપ્રદેશની ૨૩૦માંથી ૧૪૪ સીટો માટે નામ જાહેર કર્યા છે. ૮૬ બેઠકો પર હજુ જાહેરાત થવાની બાકી છે. છત્તીસગઢમાં ૯૦માંથી ૩૦ સીટો માટે નામોની જાહેરાત કરવામાં આવી છે. અહીં ૬૦ બેઠકો બાકી છે.તેલંગાણાની ૧૧૯માંથી ૫૫ બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. અહીં ૬૪ સીટો માટે નામ આવવાના બાકી છે. એકંદરે, ત્રણ રાજ્યોની ૨૧૦ બેઠકો માટેના ઉમેદવારોના નામ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

## અમિત શાહે મોડીરાત્રી સુધી સીએમ - સીઆર સાથે બેઠક યોજી : મંત્રીમંડળનું વિસ્તરણ અને સંગઠનમાં વ્યાપક ફેરફારની શકયતા

અમદાવાદ તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતના પ્રવાસે હતા. ગઈકાલે નવરાત્રિના પ્રથમ દિવસે તેઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સાથે બેઠક યોજી હતી જે મોડી રાત સુધી ચાલી હ તી. મંત્રી મંડળમાં વિસ્તરણ અને સંગઠનમાં ફેરફાર અંગે બેઠક યોજાઈ હોવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની દિલ્હીમાં મુલાકાત બાદ આ બેઠક યોજાઈ હતી.

૩ દિવસ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી દરબારમાં પહોંચ્યા હતા. દિલ્હીમાં મુખ્યમંત્રીની મોવડીમંડળ સાથે બેઠક યોજાઈ હતી. ત્યારે આ બેઠકમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પણ હાજર રહ્યા હતા.

બેઠક યોજાય એ પહેલાં જ મંત્રીમંડળમાં વિસ્તરણ થવાની તેમજ સંગઠનમાં ફેરફાર થવાની ચર્ચાએ વધારે જોર પકડ્યું હતું, કેમ કે થોડા દિવસ અગાઉ વાઈબ્રન્ટ સમિટ બાબતે દિલ્હીમાં યોજાયેલા રોડ શો બાદ વડાપ્રધાન સાથે મુખ્યમંત્રી પટેલે મુલાકાત કરી હતી. એ મુલાકાતને શુભેચ્છા મુલાકાત હોવાનું કહેવામાં આવી રહ્યું હતું. ત્યારે માત્ર એક જ સપ્તાહમાં આ ત્રીજી વખત મોવડીમંડળ સાથે વધુ એક બેઠકનું આયોજન થતાં ગુજરાતનું રાજકારણ ગરમાયું છે.

ગુજરાતના મંત્રીમંડળમાં વિસ્તરણ કરવાની ચર્ચા ચાલી રહી છે. ત્યારે આ મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન પાંચ નવા મંત્રીનો સમાવેશ કરવામાં આવે એવી સંભાવના છે. આ ૫ મંત્રી પૈકી ૩ કેબિનેટ મંત્રી અને ૨ રાજ્યકક્ષાના મંત્રીને આગામી સમયમાં શપથ લેવડાવાય એવી સંભાવના છે.

ગુજરાત સરકારના મંત્રીમંડળમાં જો ફેરફાર આવે છે તો અગાઉ મંત્રીમંડળમાં સ્થાન ભોગવી ચૂકેલા મંત્રી પૈકી બે મંત્રીને તક મળી શકે એવી સંભાવના છે. ત્યારે અન્ય નવા મંત્રીઓમાં યુવા ચહેરાને તક આપવામાં આવે એવી સંભાવના છે.

## જજ ભગવાન નથી : હાથ જોડીને વાત કરો નહી કેરળ હાઈકોર્ટની અરજદારનો ટકોર

કોચી, તા.૧૬: કેરળ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટમાં ન્યાયાધીશોની સામે હાથ જોડીને કેસ રજૂ કરવાની જરૂર નથી. હાઈકોર્ટનું કહેવું છે કે અરજદારો અને વકીલોને કોર્ટ સમક્ષ કેસ રજૂ કરવાનો અધિકાર છે. કોર્ટે એમ પણ કહ્યું કે ન્યાયાધીશો તેમની બંધારણીય ફરજ બજાવી રહ્યા છે અને તેઓ ભગવાન નથી. વાદી હાથ જોડીને અને આંખોમાં આંસુ સાથે કોર્ટમાં પોતાના મંતવ્યો રજૂ કરી રહી હતી. જે બાદ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. આ કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ પીવી કુન્હિક્રિષ્નને કહ્યું કે ભલે કોર્ટને ન્યાયનું મંદિર કહેવામાં આવે છે, પરંતુ બેન્ચ કોઈ ભગવાન નથી. તેમણે કહ્યું હતું કે શિષ્ટાચાર જાળવવા સિવાય ન્યાયાધીશોને અરજદારો અથવા વકીલો તરફથી કોઈ અલગ પ્રકારના સન્માનની જરૂર નથી કોર્ટે કહ્યું, સૌપ્રથમ તો, કોઈ પણ અરજદાર કે વકીલને હાથ જોડીને કોર્ટ સમક્ષ કેસ રજૂ કરવાની જરૂર નથી, કારણ કે કોર્ટમાં કેસની સુનાવણી એ તેમનો બંધારણીય અધિકાર છે. સામાન્ય રીતે કોર્ટને ન્યાયનું મંદિર કહેવામાં આવે છે, પરંતુ બેંચ પર કોઈ ભગવાન બેઠા નથી હોતા. ન્યાયાધીશો તેમની બંધારણીય ફરજ બજાવી રહ્યા છે. વકીલો અને વકીલોએ કેસની દલીલ દરમિયાન કોર્ટની મર્યાદા જાળવવી જોઈએ.

રમલા કબીર તેની વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધવા માટે કોર્ટમાં પહોંચ્યા હતા. તેમની સામેના આરોપો એ હતા કે કબીર વારંવાર ફોન પર અલપ્પુઝાના ઉત્તર પોલીસ સ્ટેશનના સર્કલ ઈન્સ્પેક્ટર સાથે દુર્વ્યવહાર કરતો હતો અને ધમકી આપતો હતો. કબીરે કોર્ટને કહ્યું કે આ કેસ ખોટો છે અને પોલીસ દ્વારા આરોપો લગાવવામાં આવ્યા છે. કબીરે જણાવ્યું કે તેણે એક પ્રાર્થના હોલ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેનો ઉપયોગ એવી રીતે કરવામાં આવી રહ્યો હતો કે અવાજનું પ્રદૂષણ વધવા લાગ્યું હતું. તેણે આરોપ લગાવ્યો હતો કે સર્કલ ઓફિસરને તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું અને જ્યારે પોલીસ અધિકારીને તે અંગે પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ફોન પર તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો.

આ પછી કબીરે સર્કલ ઈન્સ્પેક્ટરના વર્તન અંગે ફરિયાદ પણ કરી હતી. તેમનું કહેવું છે કે સર્કલ ઈન્સ્પેક્ટરે તેમની વિરુદ્ધ કાઉન્ટર કેસ નોંધ્યો છે. પક્ષકારોને સાંભળ્યા પછી, અદાલતે પ્રાથમિક દૃષ્ટિએ જાણ્યું કે કથિત ગુનાઓ આચરવામાં આવ્યા નથી. આવી સ્થિતિમાં કબીર વિરુદ્ધ નોંધાયેલ કેસ રદ કરવામાં આવ્યો હતો. તેમજ સર્કલ ઈન્સ્પેક્ટર સામે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

## અમિતાભ બચ્ચનને કચ્છનાં રણોત્સવની મુલાકાત લેવા વડાપ્રધાને આમંત્રણ આપ્યું




નવી દિલ્હી,તા.૧૬

મહાનાયક અમિતાભ બચ્ચને રવિવારે વડાપ્રધાન મોદીનો ઉતરાખંડની મુલાકાતનો ફોટો સોશિયલ મીડીયા પર પોસ્ટ કરીને પોતે 'આદિ કૈલાસ'ની યાત્રા નહી કરી શકયાનો અફસોસ વ્યક્ત કર્યો હતો, બિગ બી એ એક (પુર્વ ટવીટર) પર લખ્યું 'કૈલાસ પર્વતની દિવ્યતા, ધાર્મિકતા, રહસ્ય મને લાંબા સમયથી આકર્ષિત કરતી આવી છે અને કરુણતા એ છે કે હું કયારેય વ્યક્તિગત રીતે તેને જોઈ શકવાનો નથી. દરમિયાન વડાપ્રધાન મોદીએ મહાનાયક અમિતાભ બચ્ચનને ખાસ આમંત્રણ પણ આપ્યું. પીએમે લખ્યું કે આવનારા દિવસોમાં રણ ઉત્સવ શરૂ થનાર છે અને આપને કચ્છ આવવાનો આગ્રહ કરીશ, 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો આપનો પ્રવાસ પણ બાકી છે.

## એજ્યુ. લોકરમાં દેશભરનાં વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક રેકોર્ડ સચવાશે

મુંબઈ,તા.૧૬

દેશભરમાં સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સમાન-યુનિક ઓળખ નંબર- કાર્ડ આપવાનો પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના વન નંબર, વન સ્ટુડન્ટ આઈડી પ્રોજેકટમાં પ્રિ-પ્રાયમરીથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ કરનારા તમામ વિદ્યાર્થીઓની ઓટોમેટેડ પરમાનેન્ટ એકેડેમીક એકાઉન્ટ રજીસ્ટ્રી હશે. વિદ્યાર્થીઓના ૧૨ આંકડાના આધારકાર્ડ સિવાયનું આ કાર્ડ હશે. 'એજયુલોકર' તરીકેનું આ ઓળખપત્ર વિદ્યાર્થીઓના જીવનભરના અભ્યાસ અને સિદ્ધિઓમાં રેકોર્ડ રાખશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા તમામ રાજયો તથા કેન્દ્ર શાસીત પ્રદેશોને વિદ્યાર્થીઓના ઓળખપત્ર તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે.

ઓટોમેટેડ પરમાનેન્ટ એકેડેમીક એકાઉન્ટ રજીસ્ટ્રી (અપાર) તથા નેશનલ ક્રેડીટ ફ્રેમવર્ક દેશભરના વિદ્યાર્થીઓ માટે નવો કયુઆર કોડ બનશે. વિદ્યાર્થીના કૌશલ્ય તથા સિદ્ધિની તેમાં નોંધ થશે.

'અપાર' ઓળખપત્રનું મહત્વ સમજાવવા માટે દરેકે સ્કુલો-શિક્ષણ સંસ્થાનોને વાલીઓ સાથે બેઠક કરવા સુચના આપવામાં આવી છે. શાળા સંચાલકોમાં આ પ્રોજેકટ સાથે ગણગણાટ છે. વિદ્યાર્થીઓના આધાર અપડેટ કરવામાં પણ પગે પાણી ઉતરી રહ્યા છે ત્યારે નવી જવાબદારી મુશ્કેલ છે. મહારાષ્ટ્રને લાગેવળગે છે ત્યાં સુધી ૧૯ લાખ વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ નથી અને અન્ય ૪૦ લાખ વિદ્યાર્થીઓના આધારકાર્ડમાં નામ-જન્મતારીખની ભુલ સુધારવાની બાકી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે એવું સ્પષ્ટ કર્યુ છે કે, વાલીઓની પૂર્વસંમતિથી જ નવા કાર્ડ ઈસ્યુ થશે અને તે ડેટા ગુપ્ત રહેશે. માત્ર સરકારી એજન્સીઓ જ જરૂર પડયે ઉપયોગ કરી શકશે. વિદ્યાર્થી-વાલી અધવચ્ચે કાર્ડ રદ કરાવી શકશે. વાલીઓની સંમતિ બાદ વિદ્યાર્થીના ઓળખકાર્ડથી માંડીને નિયમિત અપડેટ કરવાની જવાબદારી સ્કુલની રહેશે.

## એનસીપીનાં કોર્પોરેટર પદેથી અબ્દ્રેમાન પંજાએ રાજીનામુ આપ્યું

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ મહાનગરપાલિકામાં આજે બનેલા એક મહત્વનાં ઘટનાક્રમમાં મનપાનાં વોર્ડ નં.૮માંથી ચુંટાયેલા એનસીપીનાં કોર્પોરેટર અબ્દ્રેમાનભાઈ પંજાએ કોર્પોરેટર પદેથી તેમનું રાજીનામું આપી દીધું છે. અબ્દ્રેમાન પંજાએ જૂનાગઢ મહાનગરપાલિકા કમિશ્નરને સંબોધીને લખેલા તેમના રાજીનામાનાં પત્રમાં એવું જણાવ્યું છે કે, જૂનાગઢ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૮માં એનસીપી પક્ષનાં મેન્ડેટ પર કોર્પોરેટર તરીકે ૨૦૧૯ની ચૂંટણીથી ચુંટાયેલા સભ્ય છે અને કોર્પોરેટર તરીકે સેવા આપે છે પરંતુ હાલ અનિવાર્ય સંજોગોનાં કારણે તેઓ કોર્પોરેટર પદેથી હું રાજીનામુ આપું છું જે મંજુર કરવા જણાવ્યું છે.

## નાસાએ ભારતની સફળતાનો સ્વીકાર કર્યો : ચંદ્રયાન-3ની ટેક્નોલોજી માંગી

નવી દિલ્હી, તા.૧૬: ચંદ્રયાન-૩ નું વિક્રમ લેન્ડર ૨૩ ઑગસ્ટે સાંજે ૬.૦૪ કલાકે ચંદ્રની સપાટી પર ઊતર્યું હતું. આ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ દેશ બન્યો હતો. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩નું સોફ્ટ લેન્ડિંગ કરીને ભારતે ઈતિહાસ રચ્યો છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ પણ ભારતની સફળતાનો સ્વીકાર કર્યો છે. ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું કે, નાસાના વૈજ્ઞાનિકોએ ભારત પાસેથી ટેક્નોલોજી માગી છે.

એક કાર્યક્રમમાં સંબોધન કરતાં એસ. સોમનાથે કહ્યું કે, જ્યારે અમે ચંદ્રયાન-૩ વિકસાવ્યું ત્યારે અમે નાસા-જેપીએલ (જેટ પ્રોપલ્શન લેબોરેટરી)ના વૈજ્ઞાનિકોને બોલાવ્યા હતા. આ વૈજ્ઞાનિકોએ વિશ્વમાં ઘણા રોકેટ અને ઘણા મુશ્કેલ મિશનને અંજામ આપ્યો છે. નાસા-જેપીએલના ૫-૬ લોકો ઈસરોના હેડક્વાર્ટરમાં આવ્યા હતા. અમે તેમને સમજાવ્યું કે કેવી રીતે ચંદ્રયાન-૩ ૨૩ ઑગસ્ટે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ કરશે. અમે તેમને અમારી ડિઝાઈન સમજાવી. અમારા એન્જિનિયરોએ તેને કેવી રીતે બનાવ્યું તે પણ જણાવ્યું હતું. આ બધી વાતો સાંભળ્યા પછી તેમણે એટલું જ કહ્યું, નો કમેન્ટ્સ. બધું સારું થવાનું છે. એસ. સોમનાથે ૧૫ ઑક્ટોબર, રવિવારે રામેશ્વરમમાં ડૉ. એપીજે અબ્દુલ કલામ ફાઉન્ડેશનના એક કાર્યક્રમમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત એક શક્તિશાળી દેશ છે. આપણું જ્ઞાન અને બુદ્ધિ સ્તર વિશ્વના શ્રેષ્ઠ દેશોમાંથી એક છે.

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 256, Junagadh : Date : 16 October, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

CMYK CMYK CMYK

# જૂનાગઢમાં રૂા.૧૨૦૦ કરોડનું નવું રોકાણ આવશે : વાઈબ્રન્ટ ગુજરાત- વાઈબ્રન્ટ જૂનાગઢ અંતર્ગત કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પ્રી સમિટ યોજાઈ

## જૂનાગઢ જીલ્લામાં કૃષિ,ફ્રુટ બાગાયત, પ્રવાસન આધારિત ઉદ્યોગો સ્થપાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ : પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ










જુનાગઢ, તા.૧૬

વાઈબ્રન્ટ ગુજરાત- વાઈબ્રન્ટ જૂનાગઢ અંતર્ગત આજે જૂનાગઢમાં ઉદ્યોગકારોને રોકાણ માટે પૂરતું વાતાવરણ મળી રહે તે હેતુથી તેમજ રાજ્યની યોજાનારી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ની સમિટ અંતર્ગત જિલ્લા કક્ષાનો વાઈબ્રન્ટ નો કાર્યક્રમ રાજ્ય સરકારના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લિયો રિસોર્ટમાં યોજાયો હતો.

કૃષિ મંત્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં ગુજરાતમાં વિકાસનો પાયો નખાયો છે. અને તેના મૂળમાં તેઓએ ૨૦ વર્ષ પહેલાં શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટ અને શાંતિ અને સલામતીનું આયોજન છે. શાંતિ અને સલામતી ઉદ્યોગિક વિકાસની પ્રાથમિકતા છે અને એ કાર્ય ગુજરાતમાં થયું છે . મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે વિવિધ યોજનાઓની અમલવારી સાથે ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે. ગુજરાત વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪ ના સંદર્ભમાં તેઓએ જણાવ્યું હતું કે જુનાગઢ જિલ્લામાં કૃષિ, બાગાયત, પ્રવાસન અને ફીસરીઝ ક્ષેત્રે વિકાસની તકો રહેલી છે. ઉદ્યોગકારોને જૂનાગઢ જિલ્લામાં વિવિધ સુવિધા મળી રહે અને નવી ઈન્ડસ્ટ્રીઝ અને વિકાસને લીધે યુવાઓને રોજગારી મળે તે માટે રાજ્ય સરકાર અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે.

જૂનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટે જરૂરી માળખાગત સવલતો પણ વધારવામાં આવશે અને રાજ્ય સરકારની વિકાસની નીતિના ભાગરૂપે સૌને સાથે રાખીને ચેમ્બર કોમર્સ તેમજ ઉદ્યોગકારોના મંડળો વિગેરે સાથે સંકલન કરીને વધુને વધુ વિકાસ થાય તે માટે આયોજન છે. આગામી ગુજરાત વાઈબ્રન્ટ સમિટ પૂર્વે જિલ્લાઓમાં રોકાણ અને તકો સાથે રાજયકક્ષાની સમિટ ની જાગૃતિ સહિતના હેતુએ આજે સફળતાપૂર્વક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે તે અંગે હર્ષ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જૂનાગઢ જિલ્લામાં ૧૨૦૦ કરોડના એમ.ઓ.યુ થયા છે. જૂનાગઢ જિલ્લામાં કૃષિ અને બાગાયત આધારિત વિવિધ ખેત પેદાશો આધારિત ઈન્ડસ્ટ્રીઝ તેમજ પ્રવાસન ક્ષેત્રે વિકાસની તક વધે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા પણ માળખાગત વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે.

જૂનાગઢ જિલ્લા વાઈબ્રન્ટ અંગેના કાર્યક્રમના સફળ આયોજન બદલ જિલ્લા વહીવટી તંત્રની ટીમને અભિનંદન આપ્યા હતા. જૂનાગઢમાં થનાર ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે આ રોકાણ થી અંદાજે ૨૦૦૦ જેટલા લોકોને રોજગારી મળવાની સંભાવના છે. વાઈબ્રન્ટ અંગેના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ઉદ્યોગકારો સાથે જિલ્લા તંત્ર અને સંબંધિત વિભાગ ચર્ચા વિમર્શ અને તેમના સૂચનો અને પ્રશ્નોત્તરી સાથે ઉદ્યોગ સાહસિકોએ ટેકનીકલ બાબતોનું પણ માર્ગદર્શન મેળવ્યું હતું

આ પ્રસંગે કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ સમિટ નો વિચાર વર્ષ ૨૦૦૩માં અમલીકૃત કર્યો હતો. ભૂકંપ પછીના એ સમયમાં ગુજરાતને ખડું કરવાનું મક્કમ નિર્ધાર કર્યો હતો. વર્ષ ૨૦૦૩માં જે બીજ વાવ્યું હતું તે આજે વટ વૃક્ષ બની ગયું છે. તેમણે જણાવ્યું હતું કે, જૂનાગઢમાં ઔદ્યોગિક વિકાસ અને પ્રવાસનની પણ વિપુલ તકો રહેલી છે. રાજ્ય સરકારના માર્ગદર્શનમાં જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે તેમજ માળખાગત વિકાસ માટે જિલ્લા ની ટીમ તૈયાર છે. જુદી જુદી યોજનાઓનો લાભ આપીને ગૃહ ઉદ્યોગ અને અન્ય ઈન્ડસ્ટ્રીઝ ને અનુકૂળતા રહે તેમજ વિવિધ સુવિધા મળે તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જુનાગઢ જિલ્લામાં રોકાણ માટે પહોળો પ્રતિસાદ મળ્યો છે અને મોટી સંખ્યામાં ઉદ્યોગકારો જોડાયા તે અંગે તેઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મીરાંત પરીખે કાર્યક્રમની રૂપરેખા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સ જૂનાગઢના સેક્રેટરી સંજયભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે જૂનાગઢમાં ઔદ્યોગિક વિકાસની ખૂબ તકો રહેલી છે. જૂનાગઢમાં રહેલી આ વિકાસની સંભાવના અને ક્ષમતા-તાકાતને બહાર લાવવાની જરૂર છે. તે માટે સૌએ જાગૃત થઈ વધુને વધુ જૂનાગઢમાં ઔદ્યોગિક વિકાસ થાય ખાસ કરીને કૃષિ અને પ્રવાસન ક્ષેત્રે વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને આવકારી આ દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પણ તમામ પ્રકારનો સહયોગ અપાશે તેમ જણાવ્યું હતું. તેઓએ જૂનાગઢમાં રહેલી તક અને સંભાવનાઓના વિવિધ દ્રષ્ટાંતો આપીને નવા ઉદ્યોગ સાહસિકોને પ્રેરિત કર્યા હતા.

ગયા વર્ષે જૂનાગઢમાં નિકાસ ૪૦૦૦ કરોડની થઈ હતી જે આગામી એકાદ વર્ષમાં ૫,૦૦૦ કરોડની થશે. આ માટે સરકાર દ્વારા સફળતાપૂર્વક પ્રયાસ કરી નવા ઉદ્યોગ કારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ડી.જી.એફ.ટીના રોહિત સોનીએ નવી ફોરેન ટ્રેડ પોલીસી અંગે સૌને જાણકારી આપી હતી. જૂનાગઢ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી જયસ્વાલે જૂનાગઢમાં ઉદ્યોગો માટે રહેલી તકોનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જાણકારી આપી હતી. તેઓએ પ્રેઝન્ટેશનમાં જૂનાગઢની કુલ ઈન્ડસ્ટ્રીઝ, આગામી સમયમાં શરૂ થનાર નવી જીઆઈડીસીઓ તેમજ એગ્રો ,પ્રવાસન ,ફીસરીઝ સોલાર અને માળખાગત સુવિધા આ ઉપરાંત ગુડ્સ ટ્રેનોમાં જૂનાગઢને આઉટલેટ મળે તે માટે સરકારના પ્રયાસો અને માળખાગત વિકાસ અને પરિવહન ક્ષેત્રે થઈ રહેલા બદલાવ અને સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા થનાર પ્રયાસોની રૂપરેખા પણ આપી હતી. આ તકે વાઈબ્રન્ટ ગુજરાતની વીડિયો ક્લિપ અને જૂનાગઢમાં રહેલી વિવિધ તકો અંગેની વિડીયો મૂવી ઉપસ્થિત સૌ કોઈએ નિહાળી હતી. આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રીએ વિવિધ ઔદ્યોગિક એકમના સ્ટોલની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે નેશનલ રૂરલ લાઈવલી મિશન, વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ યોજના, વાજપાઈ બેન્કેબલ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની અમલીકૃત માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓને ટૂલકીટ વિતરણ પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની પૂર્વ તૈયારી અને સંકલન પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા અને વહીવટી તંત્ર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ની ટીમે કર્યું હતું.

### કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રૂા.૬૧૯.૬૬ લાખના ખર્ચે નિર્માણ પામેલ બાગાયત ગર્લ્સ હોસ્ટેલ 'માતુશ્રી સાવિત્રી'નું લોકાર્પણ

## મંત્રીએ રૂા.૧૧૯.૨૦ લાખના ખર્ચે નવનિર્મિત ઓઈલ સીડ રેટપ્રુફ ગોડાઉનને પણ લોકાર્પિત કર્યુ






જૂનાગઢ, તા.૧૬

જીલ્લાના પ્રભારી અને રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટમાં સહભાગી થયા બાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રૂા.૬૧૯.૬૬ લાખના ખર્ચે નિર્માણ પામેલ બાગાયત ગર્લ્સ હોસ્ટેલ 'માતૃશ્રી સાવિત્રી' અને રૂા.૧૧૯.૨૦ લાખના ખર્ચે નવ નિર્મિત ઓઈલ સીડ રેટપ્રુફ ગોડાઉનનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીએ કૃષિ યુનિવર્સિટીના સવલતભર્યા અને આ વિકાસના કામોનું લોકાર્પણ કરવાની સાથે તેનું નિરીક્ષણ પણ કર્યુ હતું.

બાગાયત ગર્લ્સ હોસ્ટેલ માતુશ્રી સાવિત્રી રાજય સરકારની કૃષિ શિક્ષણ યોજના હેઠળ નિર્માણ પામી છે. આમ, કૃષિ યુનિવર્સિટીના સ્નાતકની વધી રહેલી માંગને ધ્યાને લઈ કોલેજમાં અભ્યાસ માટે વિદ્યાર્થીનીઓની સંખ્યામાં દર વર્ષે વધારો થતા વિદ્યાર્થીનીઓને રહેવાની પૂરતી સગવડતા મળી રહેશે. પી.પી.પી યોજના હેઠળ નવનિર્મિત ઓઈલ સીડ રેટપ્રૂફ ગોડાઉનથી ખેડૂતોના ખેતર પર લેવામાં આવતી નવી જાતોના બ્રીડરસીડની ઉત્પાદિત ઉચ્ચ ગુણવત્તા યુક્ત બિયારણની જાળવણી અને યોગ્ય રીતે સંગ્રહ થઈ શકશે. આ પ્રસંગે કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.વી.પી. ચોવટીયા, કુલસચિવ ડો. પી.એમ. ચૌહાણ, સંશોધન નિયામક ડો.આર. બી. માદરીયા,ડો.એસ.જી.સાવલીયા, પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# નવરાત્રિ નિમિત્તે જૂનાગઢ સંગ્રહાલય દ્વારા કાર્યશાળા તથા વાર્તાલાપ

જૂનાગઢ, તા.૧૬

રાજયના યુવક સેવાઅને સાંસ્કૃતિક વિભાગના પુરાતત્વ ખાતા તથા જૂનાગઢ સંગ્રહાલય દ્વારા આગામી શારદીય નવરાત્રિ પર્વ નિમિત્તે ખાસ કાર્યશાળા તથા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

બેંગલોરના જાણીતાં કલા ઈતિહાસ કાર તથા કલાકાર શિલ્પાબેન સાગર દ્વારા નવરાત્રિ પર્વ અવસરે તોરણ બનાવવાની કાર્યશાળા તા.૨૦-૧૦-૨૦૨૩, શુક્રવારના બપોરે ૩ થી ૪ દરમ્યાન યોજાનાર છે. તથા સાંજે ૪ થી ૫ વાગ્યે 'વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ઈશ્વરની ભક્તિ કરીએ' એ વિષય ઉપર એઓ વાર્તાલાપ આપશે. કાર્યશાળા માટે ૮૩૨૦૦૮૨૭૪૨ નંબર ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તમામ કાર્યક્રમો જૂનાગઢ સંગ્રહાલય, તાજ મંજિલ, જમીન દફતર કચેરી પાસે. ખાતે યોજાશે જેમાં જાહેર જનતાને સહભાગી થવા જૂનાગઢ સંગ્રહાલય ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીએ એક યાદીમાં જણાવ્યું છે.






તું વિરોધ પક્ષમાં છો તો શું થયું ? ગરબે રમવા આપણે સાથે જ જઈશું !




ડાયેટીંગ કરવાને બદલે ગરબે ઘુમવા ચાલ, વજન ઘટી જશે !

C M Y K

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# ગરવા ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના દિવ્ય દર્શનનો લાભ લેતા ભાવિકો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬ : ગરવા ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિર ઘટસ્થાપન સાથે પૂજન, અર્ચન, આરતી સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને અંબા માતાજીના દિવ્ય દર્શનનો ભાવિકો લ્હાલો લઈ રહ્યા છે.(તસ્વીર : વિજય ત્રિવેદી)

## તંત્રી લેખ

# ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ ભારતને મંજુર નથી

પાકિસ્તાનમાં અમેરિકી રાજદૂતની ગયા મહિને અચાનક પાક અધિકૃત કાશ્મીરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનની છ દિવસની ગોપનીય યાત્રા ન માત્ર ત્રીજા પક્ષના અયોગ્ય હસ્તક્ષેપ સમાન છે, બલ્કે ભારતીય સંપ્રભુતાની અવગણના કરવાને કારણે પણ ડોનાલ્ડ બ્લોમનું આ પગલું ભારે વાંધાજનક છે. શું તેમને એ યાદ નથી કે ભારતની સંસદે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરને દેશમાં સામેલ કરવા સંબંધિત પ્રસ્તાવ પણ પસાર કરી રાખ્યો છે? પરંતુ તેની અવગણના કરતાં ગયા મહિને બ્રિટનના સાંસદ એંડ્રુ જિમ્નેએ પીઓકેની મુલાકાત દરમ્યાન જેકેએલએફના વડા યાસીન મલિકની પત્ની સાથે મુલાકાત કરી અને જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકારો પર પણ ચર્ચા કરી. તેમણે તો આઝાદ કાશ્મીરની વાત ઉઠાવતાં ત્યાં સંયુક્ત રાષ્ટ્રના નિર્દેશનમાં જનમત સંગ્રહ કરાવવાની પણ વાત કહી દીધી!

અમેરિકા અને બ્રિટન સાથે ભારતને મૈત્રીપૂર્ણ સંબંધો છે, તેથી નવી દિલ્હી એ આશા રાખે છે કે તેઓ આપણી સંપ્રભુતાનું સન્માન કરશે. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ રીતે વારંવાર આપણી સંપ્રભુતા અને ક્ષેત્રિય અખંડતાની જાણે-અજાણે અવગણના કરવાની કોશિશ કરાઈ રહી છે. ગયા વર્ષે પણ પહેલાં એપ્રિલમાં કાશ્મીર મામલે પાકિસ્તાનનું સમર્થન કરનારી અમેરિકાની સાંસદ ઈલ્હામ ઉમરે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરની યાત્રા કરી હતી, પછી ઓક્ટોબરમાં બ્લોમે મુઝફ્ફરાબાદની મુલાકાત લીધી હતી અને સાથે જ ત્યાં પાકિસ્તાન દ્વારા નિયુક્ત તત્કાલીન વડાપ્રધાન સાથે પણ મુલાકાત કરી હતી. આ વખતની પોતાની ગોપનીય યાત્રામાં બ્લોમે ત્યાં સંયુક્ત રાષ્ટ્રની કેટલીય પરિયોજનાઓની માહિતી લીધી, બલ્કે એ પણ ખબર પડી કે તેઓ ગિલગિટ-બાલ્ટિસ્તાન વિધાનસભાના ઉપાધ્યક્ષ સહિત કેટલાક સદસ્યોને પણ મળ્યા. પરંતુ પાકિસ્તાન સ્થિત અમેરિકી દૂતાવાસે જ નહીં, પરંતુ ખુદ પાકિસ્તાને પણ આ યાત્રાને ગુપ્ત રાખી. શું એ કોશિશ એટલા માટે હતી, જેથી ભારતને આ બાબતે ખબર ન પડી જાય?


પાકિસ્તાની કબ્જાવાળા કાશ્મીરમાં વિદેશી રાજદ્વારીઓના આ સતત પ્રવાસથી શંકા પેદા થવી સ્વાભાવિક છે. આ મુલાકાતો દ્વારા તેઓ આખરે શું મેળવવા માંગે છે? સત્ય તો એ જ છે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં હાલમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને વીજળીના વધેલા બિલને લઈને બળવા જેવી સ્થિતિ છે અને લોકો વારંવાર સડકો પર ઉતરી રહ્યા છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોએ એ સમજવું પડશે કે કાશ્મીર મુદ્દા પર ભારતને કોઈ ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ કદાપિ મંજૂર નથી.

# જૂનાગઢમાં જુગાર દરોડો : ચાર ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે શાંતેશ્વર ઓઘડનગર વોકળાના કાંઠા પાસે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૧૫,૨૧૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# આજ સોમવારે બીજા નોરતે બ્રહ્મચારીણી સ્વરૂપનું પૂજન



માતાજી નવદુર્ગાશક્તિ માના બીજા નોરતે બ્રહ્મચારીણી સ્વરૂપનું પૂજન થાય છે. ચારણી એટલે કે તપનું આચરણ કરનાર માતાજીનું સ્વરૂપ જયોર્તિમય અને ભવ્ય છે. માતાજીના જમણા હાથમાં જપમાળા અને ડાબા હાથમાં કમંડળ છે . હિમાલયને ત્યાં માતાજીએ જન્મ લઈને ઉગ્ર તપ કરેલું. તપના પ્રભાવથી માતાજીનું નામ તપચારીણી એટલે બ્રહ્મચારીણી થયું . તપના પ્રભાવને લીધે માતાજીનું સ્વરૂપ ક્ષીણ થયેલું ત્યારે માતાજીને ચિંતા થાય છે અને અવાજ કરે છે ઉમા આથી માતાજીનું નામ ઉમા પડે છે . માતાજીનું તપ જોઈને બ્રહ્માજી આકાશવાણી કરે છે તમને માતાજી પતિ સ્વરૂપે પ્રાપ્ત થશે. માતાજી દુર્ગાનું આ સ્વરૂપ અનેક સિધ્ધ આપનાર છે તથા માતાજીની ઉપાસનાથી તપ, ત્યાગ અને વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. માતાજીની ઉપાસનાથી વિજયની પણ પ્રાપ્તિ થાય છે.

માતાજી બ્રહ્મચારીણી ઉપાસનાનો મંત્ર ૐ હ્રી શ્રી અમ્બિકાયે નમઃ છે. નૈવેદ્યમાં સાકરનું નૈવેદ્ય ધરાવું અથવા સાકર વાળુ દૂધ ધરાવવું .

**- શાસ્ત્રી રાજદીપ જોશી**

# મંગળવારે ત્રીજા નોરતે મા ચંદ્રઘંટાની પૂજા

ત્રીજુ નોરતું માતા ચંદ્રઘંટા પૂજા માતા ચંદ્રઘંટાની પૂજા સ્વરૂપનું પૂજન કરવામાં આવે છે. માતાજીની ઉપાસના શક્તિ દાયક છે અને કલ્યાણકારી પણ છે માતાજીનો રંગ સુવર્ણ સમાન છે અને દશ હાથ છે તેમાં ખડગધારી છે અને તલવાર, ત્રિશુલ, તિર સુસોભિત છે. માતાજીનું વાહન સિંહનું છે. માતાજીની ઉપાસનાથી અલૌકિક વસ્તુના દર્શન થાય છે અને દિવ્ય સુગંધનો અનુભવ થાય છે. માતાજીની ઉપાસનાથી બધા જ પાપો નષ્ટ થઈ જાય છે અને જીવનની બધી જ બાધાઓ દૂર થાય જાય છે. માતાજીની ઉપાસના સાવધાન થઈને કરવી અને સાથે નિર્ભય થઈને કરવી જરૂરી છે. માતાજીની ઉપાસનાથી પ્રેતપીડા દૂર થાય છે સાધનામા પવિત્રતાનો ખ્યાલ રાખવો જરૂરી છે. માતાજી ચંદ્રઘંટાની ઉપાસનાનો બીજ મંત્રઃ ઓમ ઐ શ્રી શકત્યે નમઃ માતાજીનું નૈવેદ્ય દૂધમાંથી બનેલ મીઠાઈ અર્પણ કરવાથી બધાજ દુઃખો દૂર થાય છે .

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# કોળી સમાજ જૂનાગઢ દ્વારા નવરાત્રી રાસોત્સવનું આયોજન કરાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

આલ્ફા સ્કૂલના સંચાલક અને કોળી સમાજના આગેવાન જી.પી. કાઠીની યાદી જણાવે છે કે છેલ્લા ઘણા વર્ષોથી જૂનાગઢ કોળી સમાજ દ્વારા નવરાત્રી નિમિતે માત્ર એક દિવસ માટે શરદપૂનમના દિવસે નવરાત્રી રાસોત્સવનું આયોજન કરાવમાં આવતું હતું. પરંતુ ચાલુ વર્ષે તા.૧૫-૧૦-૨૦૨૩ થી તા.૨૪-૧૦-૨૦૨૪ સુધી દસ દિવસો માટે નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢમાં કોળી સમાજ દ્વારા નવરાત્રી રાસોત્સવનું આયોજન બાલાજી ફાર્મમાં, ચોબારી ફાટક પાસે, ટીંબાવાડી બાયાપાસ રોડ પાસે રાખવામાં આવેલ છે. કોળી સમાજ જૂનાગઢ દ્વારા દરરોજ આરતીનો સમય એકઝેટ રાત્રે ૮:૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે અને દરરોજ રાત્રે રાત્રે ૯ વાગ્યે ગરબીનો પહેલો રાઉન્ડ શરૂ કરવામાં આવે છે. તેથી જૂનાગઢ શહેરમાં વસતા સમસ્ત કોળી સમાજના ભાઈઓએ અને બહેનોએ તથા ખેલૈયાઓએ બાલાજી ફાર્મ ખાતે સમયસય રાત્રે ૮:૪૫ વાગ્યે અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# બિલખામાં આવેલ બહુચરાજીના મઠનાં ગાદીપતી દ્વારા માતાજીની ધ્વજા ચડાવી-ભવ્ય શોભાયાત્રા યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) બિલખા તા. ૧૬

બિલખામાં આવેલ સુપ્રસિધ્ધ મહુચરા માતાજીનાં મઠનાં ગાદીપતી નિલમ ફુઈ માતાજી દ્વારા વર્ષોની પરંપરા પ્રમાણે નવરાત્રીનાં પ્રારંભે સવારે મઠમાં માતાજીનું પૂજન-અર્ચન કરવામાં આવેલ હતું બાદમાં માતાજીની ધ્વજા ચડાવવામાં આવેલ હતી ત્યારબાદ બહુચરા માતાજી અને સતીમાની એક વિશાળ શોભાયાત્ મઠમાંથી નીકળી શહેરનાં મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. જેમાં બહુ મોટી સંખ્યામાં ભાવિક-ભકતો જોડાયા હતાં. આ શોભાયાત્રાનું ઠેશ ઠેશ હારતોરાથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષોની પરંપરા મુજબ મઠની ગાદીપતી નીલમ ફુઈ માતાજી અને પ્રવિણા ફુઈ દ્વારા પ્રાચીન ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. અને કોઈપણ જાતનાં ભેદભાવ વગર મોટી સંખ્યામાં બાળાઓ રાસ રમે છે. આ ગરબીની બાળાઓના રાસ જોવા એ પણ એક લ્હાવો છે. નવરાત્રી દરમ્યાન ખુબ મોટી સંખ્યામાં ભાવિકો ભકતો મઠની ગરબીનાં દર્શનનો લાભ લઈ ધન્ય બને છે.

# કેશોદ એપીએમસીમાં ખેડુત પેનલનો વિજય

(કમલેશ જોષી દ્વારા) કેશોદ તા.૧૬

કેશોદ માર્કેટિંગ યાર્ડમાં અઢાર ડીરેકટરોની વરણી કરવા માટે નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જુનાગઢ દ્વારા તારીખ ૩/૧૦/૨૦૨૩ ધી સામાન્ય ચૂંટણી ૨૦૨૩ ની વહીવટી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી જેમાં વેપારી વિભાગમાં રાજુભાઈ કીકાણી, બંટીભાઈ ચોવટીયા, હરસુખભાઈ રાજાણી અને દિલીપભાઈ કારીયા બિનહરીફ વિજેતા જાહેર થયા હતા અને સહકારી ખરીદ - વેચાણ મંડળી વિભાગના પુંજાભાઈ બોદર અને મહેશભાઈ કરંગીયા બિનહરીફ વિજેતા જાહેર થયા હતા ત્યારે ખેડુત વિભાગ માં દશ બેઠક માટે બાર ઉમેદવારી ફોર્મ રજૂ કરવામાં આવતાં તારીખ ૧૩/૧૦/૨૦૨૩ નાં રોજ મતદાન થયું હતું જેનાં પરિણામ જાહેર કરવામાં આવતાં ડાંગર હમીરભાઈ કાળાભાઈ,પીઠીયા પરબતભાઈ માલદેભાઈ, બોરીચા, ભરતભાઈ રામભાઈ, ભલાણી, દિલીપભાઈ રવજીભાઈ, રાઠોડ ભરતભાઈ મેરુભાઈ, લાડાણી રતિલાલ ખીમજીભાઈ, વિરડા અરવિંદભાઈ રામભાઈ,વેગડ અજીતસિંહ બાધુભાઈ,સિહાર અશ્ર્વિનભાઈ કાળાભાઈ,હડીયા હમીરભાઈ હરદાસભાઈ વિજેતા જાહેર થયા હતાં. કેશોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ભાજપ પ્રેરિત ઉમેદવારો વિજયી બન્યાં હોય ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિત સહકારી ક્ષેત્રનાં હોદેદારો પદાધિકારીઓ કેશોદ માર્કેટિંગ યાર્ડ ખાતે પહોંચી વિજેતા ઉમેદવારો ને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. કેશોદ શહેર તાલુકામાં સીંગદાણા નાં ઘઉં નાં કારખાનાં ઉપરાંત ઓઈલ મીલ આવેલ હોય આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પેદા થતી ખેતપેદાશો ની ખરીદી ટેકાના ભાવે સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે ત્યારે કેશોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સતાધારી પક્ષ દ્વારા બહુમતી મેળવી છે અને આવનારાં દિવસોમાં એપીએમસી કેશોદના વર્ષ ૨૦૨૩-૨૪ નાં પદાધિકારીઓ ની વરણી કરવામાં આવશે. કેશોદ માર્કેટિંગ યાર્ડમાં વહેલી સવારે શાકભાજીની હરરાજી કરવામાં આવે છે ત્યારે કેશોદ નજીક પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સર્વિસ રોડ ન હોવાથી ખેડૂતો, વેપારીઓ, ફેરિયાઓ રોગ સાઈડમાં આવજા કરતા હોય છે જેનાં કારણે છાશવારે આકસ્મિક ઘટનાઓ બને છે અને નિદોર્ષ વાહનચાલકો જીવ ગુમાવે છે અગાઉ કેશોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા સર્વિસ રોડ બનાવવા માંગ કરી હતી અને ફરીથી વેપારીઓ ખેડૂતો એ સતાધારી પક્ષ પ્રેરિત ઉમેદવારો ને વિજયી બનાવ્યાં છે ત્યારે સર્વિસ રોડને પ્રાથમિકતા આપી બનાવવામાં આવે એવી ખેડૂતો વેપારીઓ ની લાગણીને માંગણી છે.

# નવરાત્રી એટલે માતાજી ની પુજા-અર્ચના અને ઉપવાસનું મહા પર્વ....

જૂનાગઢ તા.૧૬

નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રધ્ધાના રંગમાં રંગાય જાય છે. નવરાત્રી ઉપાસના અને આરાધનાનુ પર્વ છે. આ દિવસોમા દરમિયાન ભક્તો માતાના આરાધનામાં લીન થઈ જાય છે. આ તહેવાર દરમિયાન ભક્તો શાંતિ અને સુખ પ્રાપ્તિ માટે વ્રત અને ઉપવાસ રાખે છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. ઘટસ્થાપના, દેવી સ્તુતિ, મધુર ઘંટડીઓના રણકાર, દીવા-બત્તી-ધૂપની સુગંધ, આ નવ દિવસ સુધી ચાલતા આ સાધના ઉત્સવ નવરાત્રિનું જ એક ચિત્ર છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રીના તહેવારનું એક વિશેષ મહત્ત્વ છે.

નવરાત્રીમાં જેટલુ મહત્વ માતાના જુદા જુદા સ્વરૂપોની આરાધના નું છે તેટલુ જ મહત્વ માતાની આરાધના દરમિયાન રાખવામાં આવતા વ્રત અને ઉપવાસનુ પણ છે. ઈશ્વરની પ્રાપ્તિ ત્યારે જ શક્ય બને છે જ્યારે બંને બાબતોની પ્રક્રિયાઓનુ પાલન નિયમ અનુસાર કરવામાં આવે. નવરાત્રીમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. આસો મહિનામાં આવતી આ નવરાત્રીમાં નવ દિવસ ગરબા અને રાસ રચાય છે. આ ઉપરાંત રામલીલા, રામાયણ, ભાગવત પાઠ, જેવા ધાર્મિક અનુષ્ઠાનો થાય છે. અને તેથી જ તો નવરાત્રિ દરમિયાન દરેક વ્યકિત એક નવા ઉત્સાહ અને ઉમંગથી ભરેલો જોવા મળે છે.

# શ્રી શક્તિ ગરબી મંડળ સંચાલિત ખોજાવાડની ગરબીમાં નાની બાળાઓ પ્રાચીન રાસ રમે છે

જૂનાગઢ તા. ૧૬

શક્તિ ગરબી મંડળ સંચાલિત ખોજાવાડની હિન્દુ-મુસ્લીમ કોમી એકતાના પ્રતિક સમી પ્રાચીન ગરબીમાં બંને કોમની બાળાઓ સાથે મળી પ્રાચીન રાસ રમી માતાજીને રીઝવે છે. વર્ષોથી નવરાત્રી પર્વ અહીં ખુબજ સુંદર રીતે ઉજવાય છે. નવરાત્રીના આ પર્વમાં માત્ર પ્રાચીન રાસ-ગરબા ઉપર બાળાઓ રાસ રમે છે. આ ગરબીની વિશેષતા એ છે કે અહીં નાની બાળાઓને અગ્રતા આપવામાં આવે છે. આ નવરાત્રી નવરાત્રી પર્વને સફળ બનાવવા માટે ખોજાવાડાના સનાતન ચોક યુવક મંડળના પ્રમુખ હસમુખભાઈ દેવાણી, બાલકૃષ્ણભાઈ, ચેતનભાઈ રાજા, પ્રફુલભાઈ કારીયા, દેવુભા ચાવડા વગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહયા છે.

# કેશોદનાં અગતરાય પાસે બાઈક અકસ્માતમાં દંપતીનું થયેલ મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

કેશોદથી અગતરાય તરફ જતાં ૬ કીમી દુર નેશનલ હાઈવે ઉપર બાઈકને અજાણ્યાં વાહને ઠોકરે ચડાવતાં બાઈક સવાર દંપતિ રોડ ઉપર પટકાયું હતું. ગંભીર હાલતમાં જુનાગઢ ખસેડાતાં સારવાર દરમ્યાન બંનેના મોત નિપજયાં હતાં. આ અંગે મળતી વિગત મુજબ બે દિવસ પહેલાં કેશોદ થી અગતરાય તરફ એક બાઈક જઈ રહી હોય તેને અજાણ્યા વાહને ઠોકરે ચડાવી હતી. આથી બાઈક સવાર મહિલા અને પુરૂષ બંને ફંગોળાઈ રોડ ઉપર પટકાયા હતા. રાહદારીઓમાં કોઈએ બંનેને સારવાર માટે જૂનાગઢ ખસેડવા મદદ કરી હતી. સારવાર દરમ્યાન બંનેની ઓળખ કરતા મહિલા અને પુરૂષ બંને પતિ-પત્ની હોય જેમનું નામ ભીખાલાલ અરજણભાઈ વાઢેર અને કંચનબેન ભીખાલાલ વાઢેર તે માણાવદરના હોવાનું જાણવા મળ્યું હતું. પતિ-પત્ની કેશોદ દાંતના ડોકટરને બતાવી પરત માણાવદર પરત જઈ રહ્યા હતા ત્યારે કેશોદથી અગતરાય ગામ નજીક પહોંચતા અજાણ્યા વાહને ઠોકર મારી હતી. આ અકસ્માતની ઘટનામાં મરણજનાર ભીખાભાઈ કોળી સમાજના અગ્રણી હોય રાજકિય પાર્ટીના આગેવાન હોય માણાવદર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# દ્વારકાના પ્રાચીન મંદિરોના ઈતિહાસ સાથે જોડારોલ ભારતવર્ષની ૫૧ શક્તિપીઠો પૈકીનું એક શ્રી ભદ્રકાલી માતાજીનું પ્રાચીન મંદિર





## હાલમાં ચાલી રહેલ અસો નાના સ્થાન મોટી સંખ્યામાં ઉપાકો અનુષ્ઠાન માટે વારે છે

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૬

ભારતીય સંસ્કૃતિમાં શક્તિ અને માતાને વિશિષ્ટ સ્થાન આપવામાં આવેલ છે. નવદુર્ગા શક્તિની ઉપાસનાનું સર્વોતમ પર્વ એટલે નવરાત્રિ. દ્વારકામાં નવરાત્રિ દરમ્યાન શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલા માતાજીના મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, શણગાર તથા દર્શન મનોરથ યોજાય છે. રાવળા તળાવની પશ્ચિમ દિશાએ દ્વારકાના પૌરાણિક મંદિરો પૈકીનું એક એવું શ્રી ભદ્રકાલી માતાજીનું મંદિર આવેલ છે. મુખ્ય મંદિરના ગર્ભગૃઠે શ્રી ભદ્રકાલી માતાજીની પ્રતિમાની ફતે મહાકાલી, મદાલક્ષ્મી તથા મહાસરસ્વતીના ત્રણ યંત્રો આવેલા છે તેમજ નિજમંદિરના પ્રવેશદ્વાર પાસે ત્રિપુરા સુંદરી માતાજી બિરાજે છે. મુખ્ય મંદિરની બાજુમાં આશાપુરા માતાજીનું મંદિર તેમજ પશુપતિનાથ મહાદેવ, કનુમાનજીનું બાળ સ્વરૂપ અને ચારણગોર ઠાકર કુટુંબના દેવ આવેલા છે. દ્વારકા સ્થિત ભદ્રકાલી મંદિરના સંબંધમાં કહેવાય છે કે પાર્વતીના પિતા દક્ષ પ્રજાપિતાએ યજ્ઞમાં શંકર ભગવાનને આમંત્રણ ન આપતા પાર્વતીજીએ યજ્ઞકુંકમાં પોતાની જાતને સમર્પિત કરી ત્યારે ભગવાન શંકરે પાર્વતીજીના શરીરને ઉંચકીને તાંડવ નૃત્ય કર્યું હતું. ત્યારે પાર્વતી દેવીના શરીરના ૫૧ ટુકડાઓ થયા હતા. આ ટુકડાઓ કે જે સ્થળે પડ્યા તે સ્થળે શક્તિપીઠની સ્થાપના થઈ. તે મુજબ પાર્વતીજીના શરીરનો એક ટુકડો દ્વારકા ક્ષેત્રે ઉપરોક્ત જણાવેલ સ્થળે પડ્યો હતો. શંકર ભગવાનના તાંડવ નૃત્ય દરમ્યાન પાર્વતી દેવીના જમણા પગની ઘુંટીનો ભાગ આ સ્થળે પડ્યો હોવાથી અહીંયા શ્રી ભદ્રકાલી માતાજીના મંદિર સ્વરૂપે શકિતપીઠની સ્થાપના થઈ. ભારતવર્ષમાં કુલ ૫૧ શક્તિપીઠ આવેલ છે. તેમાંની એક શકિતપીઠ ઉપરોક્ત ભદ્રકાલી માતાજીનું મંદિર છે. બાકીની અન્ય શક્તિપીઠો સમગ્ર ભારતમાં અલગ-અલગ ક્ષેત્રોમાં આવેલી છે. પ્રાચીન લોકમાન્યતા મુજબ ભગવાન શ્રી કૃષ્ણએ શ્રી ભદ્રકાલી માતાજીના મંદિરની સ્થાપના કરેલ અને ત્યારબાદ જ દ્વારકાની રાજગાદી ઉપર બિરાજમાન વ્યા હતા. ભદ્રકાલી એ મહાકાલીનું શાંત સ્વરૂપ છે તેમજ શારદાપીઠ મઠના કુળદેવી છે. શારદાપીઠના શંકરાચાર્યજી જયારે જયારે દ્વારકા નગરીમાં પ્રોશ કરે ત્યારે સૌપ્રથમ શ્રી ભદ્રકાલી માતાજીની પૂજા-અર્ચના કર્યા બાદ જ શારદાપીઠમાં પદગ્રહણ કરે છે. હાલમાં આસો નવરાત્રિ ચાલી રહેલ હોવાથી ભદ્રકાલી માતાજીના મંદિરે બહોળી સંખ્યામાં ગામ લોકો દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત શહેરના અનેકગણા માતાજીના ઉપાસકો નવરાત્રિ દરમ્યાન પ્રતિદિન સવાર-સાંજ માતાજીની સેવા-પૂજા તથા દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આ મંદિરમાં શ્રીયંત્ર સ્થાપિત હોવાથી તાંત્રિક સાધના માટે આ મંદિર ખૂબજ ઉતમ ગણાય છે. દ્વારકાના અન્ય પ્રાચીન મંદિરોની જેમ જ આ મંદિરને પણ અતિ પ્રાચીન માનવામાં આવે છે. માતાજીનો ભકત શ્રધ્ધાપૂર્વક અહીંયા પૂજા-અર્ચના કરે તો તેની સાધના અવશ્ય ફળે છે.

# દ્વારકામાં ગણપતિ મંદિરમાં તસ્કરો ખાબક્યા : મુગટની ચોરી




(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૬

દ્વારકામાં આવેલી રિધ્ધિ સિધ્ધિ સોસાયટી ખાતે રિધ્ધિ સિધ્ધિ યુવા ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટની માલિકીના ગણપતિ ભગવાનના મંદિરના ગર્ભગૃહમાં ગત તારીખ ૧૪ ના રોજ તસ્કરોએ પ્રવેશ કરી, સવારના સમયે ૧૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગણપતિ ભગવાનની મૂર્તિ ઉપર ચડાવવામાં આવેલું ૨૫૦ ગ્રામ જેટલા વજનનું ચાંદીનું મુગટ ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું હતું. આથી રૂા.૧૫,૦૦૦ની કિંમતના ચાંદીના મુગટની ચોરી કરવા સબબ સ્થાનિક રહીશ એવા મનોજભાઈ ચુનીલાલ સામાણી(ઉ.વ. ૪૬)ની ફરિયાદ ઉપરથી દ્વારકા પોલીસે અજાણ્યા શખ્સો સામે આઈપીસી કલમ ૩૮૦ તથા ૪૫૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એ.એલ. બારસિયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લા વિવિધ નિવૃત કર્મચારી મંડળની યાદી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬ : જૂનાગઢ જીલ્લા વિવિધ નિવૃત કર્મચારી મંડળના મહામંત્રી વિઠ્ઠલદાસ કાપડીની યાદી જણાવે છે કે, તા.૩૦ જુનના નિવૃત થયે થયેલા કર્મચારીએ એક હીજાફા માટે ફોર્મ ભરવાની તા.૨૮-૧૦-૨૩ છેલ્લી છે અને ફોન નંબર ૯૯૭૯૬ ૭૯૨૮૯ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# પોલીસ સામે ફરિયાદ માટેના હેલ્પલાઈન નંબરની માહિતી રાજ્યના ખૂણે-ખૂણે દરેક નાગરિકોને દેખાય તે રીતે મૂકો : હાઈકોર્ટનો આદેશ



અમદાવાદ,તા.૧૬

ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠે તાજેતરમાં થયેલી એક સુઓમોટો જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન રાજ્ય સરકારને આદેશ કર્યો હતો કે, રાજ્યમાં જો કોઈપણ નાગરિકને જો પોલીસ સામે ફરિયાદ કરવી હોય તો તેનો હેલ્પલાઈન નંબર રાજયના ખૂણે-ખૂણે નાગરિકોને દેખાય તે રીતે માહિતી મૂકવી જોઈએ. આ સાથે ટ્રાફિક પોલીસની સાથે તેમની મદદ માટે ઊભા રહેતા ટીઆરબી જવાનોની સત્તાઓ અંગે પણ લોકોને માહિતી આપવા માટે તેની બહોળી પ્રસિદ્ધિ થવી જોઈએ.

હાઈકોર્ટનાં આદેશ મુજબ જો કોઈપણ નાગરિકને પોલીસ વિરૂધ્ધ ફરિયાદ કરવી હોય તો તેનો ૧૦૬૪ હેલ્પલાઈન નંબર રાજયના ખૂણે-ખૂણે તેના બોર્ડ-હોર્ડીંગ્સ, પોલીસ સ્ટેશનની બહાર, જાહેર પરિવહનના વાહનોની અંદર અને બહાર અને તમામ દેખી શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર કયા પ્રકારની ફરિયાદ પોલીસ વિરૂધ્ધ કરી શકાય તેની સ્પષ્ટ માહિતી સાથે મૂકવા માટે રાજય સરકારને જણાવ્યું હતું.

ઉલ્લેખનિય છે કે, બે મહિના અગાઉ અમદાવાદ એરપોર્ટથી રાત્રે ઘેર જતાં દંપતિને આંતરી ખોટી રીતે ડરાવી ધમકાવી ગુનો દાખલ કરવાની ધમકી આપી ટ્રાફિક પોલીસના ત્રણ જવાનો દ્વારા રૂા.૬૦ હજારનો તોડ કરવાના કેસમાં દાખલ થયેલી સુઓમોટો પીઆઈએલની સુનાવણીમાં અગાઉ હાઈકોર્ટે ટ્રાફિક બ્રિગેડનાં જવાનોની કામગીરી વિશેની માહિતી સરકાર પાસેથી માગી હતી. સરકાર તરફથી જણાવાયું કે, ટીઆરબી જવાન કરાર આધારિત કર્મચારીઓ છે, જે ટ્રાફિક પોલીસની માત્ર મદદ માટે હોય છે. ટીઆરબી જવાન કોઈને રોકી શકે નહી કે, વાહન ચેકી કરી શકે નહી કારણ કે, તેઓને આવી કોઈ સત્તા હોતી નથી. તેથી હાઈકોર્ટે સરકારને જણાવ્યું કે, તમારે ટીઆરબી જવાનોની ડયુટી શું છે તેની ચોક્કસ માહિતી લોકો સુધી પહોંચાડવી જોઈએ. ખાસ કરીને આવા ટીઆરબી જવાનો વિરૂધ્ધ નાગરિકોને કોઈ ફરિયાદ હોય તો તે માટે પણ હેલ્પલાઈન નંબર જાહેર કરવો જોઈએ. હાઈકોર્ટે વધુમાં ઉમેર્યુ કે, દંપત્તિના તોડકાંડની ઘટના બહુ ગંભીર છે. જેમાં બે ટ્રાફિક પોલીસ અને એક ટીઆરબી જવાન સામેલ હતા. આવા ટીઆરબી જવાનોને નોકરીમાંથી કાઢી મૂકી તમે સંતોષના માની લો પરંતુ તેઓની વિરૂધ્ધ વિભાગીય કાર્યવાહી કરી પગલાં લેવધ્ જોઈએ. ટીઆરબી જવાન ડોમેસ્ટીક સર્વન્ટ નથી અને સરકાર લાચાર બનીને બેસીના રહે. આવા ટીઆરબી જવાનોના કૃત્યના કારણે સરકાર અને તંત્રની છબી ખરડાય છે તે તમારે જોવું જોઈએ. બીજી બાજુ પોલીસ દ્વારા નાગરિકોની હેરાનગતિ બાબતે ફરિયાદ થઈ શકે તે બાબતે હાઈકોર્ટે રાજય સરકારને એવી ટકોર પણ કરી કે, રાજયમાં પોલીસ કમ્પ્લેન્ટ ઓથોરીટી છે પરંતુ તેની લોકોને ખબર જ નથી, તેથી સરકારે તેની મહત્તમ પ્રસિધ્ધિ કરવી જોઈએ. કેસની વધુ સુનાવણી આગામી તા. ૩ નવેમ્બરના રોજ હાથ ધરાશે.

# બેરોજગારી ઝડપથી ઘટી રહી હોવાથી યુવાનો માટે નવી શક્યતાઓ સર્જાઈ રહી છે : PM મોદી

નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારતની અર્થવ્યવસ્થા વિસ્તરી રહી છે અને ભારતમાં બેરોજગારી ઝડપથી ઘટી રહી હોવાને કારણે યુવાનો માટે નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે કૌશલ દીક્ષાંત સમારોહ ૨૦૨૩માં વર્ચ્યુઅલ સંબોધનમાં વડાપ્રધાને કહ્યું કે, ભારતમાં રોજગાર સર્જન નવી ઊંચાઈએ પહોંચ્યું છે અને તાજેતરના સર્વે અનુસાર ભારતમાં બેરોજગારીનો દર છ વર્ષમાં તેના સૌથી નીચા સ્તરે છે. ભારતના ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં બેરોજગારી ઝડપથી ઘટી રહી છે તેની નોંધ લેતા પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકાસના લાભો ગામડાઓ અને શહેરો બંને સુધી સમાન રીતે પહોંચી રહ્યા છે અને પરિણામે ગામડાઓ અને શહેરો બંનેમાં નવી તકો સમાન રીતે વધી રહી છે. તેમણે ભારતના કાર્યબળમાં મહિલાઓની ભાગીદારીમાં અભૂતપૂર્વ વધારાની પણ નોંધ લીધી અને મહિલા સશક્તિકરણ અંગે ભારતમાં વર્ષોથી શરૂ કરાયેલી યોજનાઓ અને ઝુંબેશની અસરને શ્રેય આપ્યો. તેમણે કહ્યું કે, કૌશલ દીક્ષાંત સમારોહ આજના ભારતની પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે. ટેક્નોલોજી દ્વારા આ કાર્યક્રમ સાથે જોડાયેલા હજારો યુવાનોની હાજરીને સ્વીકારતા મોદીએ તમામ યુવાનોને શુભેચ્છા પાઠવી. તેમણે કોઈપણ દેશની કુદરતી અથવા ખનિજ સંસાધનો અથવા તેના લાંબા દરિયાકિનારા જેવી શક્તિઓનો ઉપયોગ કરવા માટે યુવાનોની શક્તિના મહત્ત્વ ઉપર પ્રકાશ પાડ્યો. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમાન વિચારસરણી ભારતના યુવાનોને સશક્ત બનાવી રહી છે જે સમગ્ર ઈકોસિસ્ટમમાં અભૂતપૂર્વ સુધાર કરી રહી છે. આમાં દેશનો અભિગમ બે-પાંખીય છે વડાપ્રધાને કહ્યું કે, ભારત તેના યુવાનોને કૌશલ્ય અને શિક્ષણ દ્વારા નવી તકોનો લાભ લેવા માટે તૈયાર કરી રહ્યું છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા તાજેતરના આંકડાઓ ઉપર પ્રકાશ પાડતા પીએમ મોદીએ માહિતી આપી હતી કે આવનારા વર્ષોમાં ભારત સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બની રહેશે. તેમણે ભારતને વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ કરવાના તેમના સંકલ્પને પણ યાદ કર્યો અને કહ્યું કે, **IMF**ને પણ વિશ્વાસ છે કે, ભારત આગામી ત્રણ-ચાર વર્ષમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થા બની જશે. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે દેશમાં રોજગાર અને સ્વ-રોજગાર માટે નવી તકોનું સર્જન કરશે.

# આ ભારતની સૌથી મોંઘી મીઠાઈ છે, ભાવ છે ૫૦,૦૦૦ રૂપિયા કિલો, જાણો તેની વિશેષતા

અમદાવાદ તા.૧૬

નવરાત્રીની શરૂઆત થવા જઈ રહી છે અને બહુ જલ્દી દિવાળી આવશે. તહેવારોની સિઝન આવતા જ મીઠાઈની ચર્ચાઓ શરૂ થાય છે. હવે આવી જ એક મીઠાઈ તેની કિંમતને કારણે સોશિયલ મીડિયા ઉપર છવાઈ છે. ઉત્તરપ્રદેશનું લખનૌ તેના અનોખા અંદાજ માટે જાણીતું છે. આ મીઠાઈ પણ લખનૌની જ છે. લખનૌની એક જાણીતી મીઠાઈની દુકાન છપ્પન ભોગ દ્વારા તૈયાર કરાતી એક્ઝોટિકા નામની મીઠાઈની કિંમતને કારણે તે દુનિયાભરમાં ચર્ચામાં છે. લખનૌની આ ફેમસ મીઠાઈ ૨૦૦૯થી ગ્રાહકોને આકર્ષિત કરી રહી છે. અત્યંત કાળજી અને સમય સાથે બનાવવામાં આવતી આ મીઠાઈ વિશ્વના વિવિધ ખૂણેથી લાવવામાં આવેલા ડ્રાયફ્રૂટ્સમાંથી બનાવવામાં આવે છે. આ ઉપરાંત તેમાં ૨૪ કેરેટ ગોલ્ડ ગાર્નિશિંગ પણ હોય છે. આ મીઠાઈ બનાવવાની શરૂઆત જ્યારે એક ગ્રાહકે અલગ રીતે છપ્પન ભોગ બનાવવાની માંગ કરી તેમાંથી થઈ. ત્યારથી એક્સોટિકાની માંગ ઝડપથી વધી રહી છે. હવે આ મીઠાઈ સ્ટેટસ સિમ્બોલ બની રહી છે. એક્ઝોટિકામાં બદામનું કાળજીપૂર્વક તૈયાર કરેલું મિશ્રણ હોય છે. આમાં કિન્નોરના પાઈન નટ્સ, ઈરાનમાંથી મામરા બદામ, અફઘાનિસ્તાનમાંથી પિસ્તા, દક્ષિણ આફ્રિકાના મૈકામિયા



બદામ, તુર્કીમાંથી હેઝલનટ્સ અને કાશ્મીરની મોહક ખીણોમાંથી લાવવામાં આવેલા કેસરનો સમાવેશ થાય છે. આ પછી દરેક ટુકડાને ૨૪ કેરેટ સોનાના સ્તરથી કાળજીપૂર્વક શણગારવામાં આવે છે. આ મીઠાઈની કિંમત ચાર પીસના ૨,૦૦૦થી શરૂ થાય છે, જે તેને એક વૈભવી કન્ફેક્શનરી આઈટમ બનાવે છે. જે લોકો લગ્ન અને તહેવારો દરમ્યાન લક્ઝરી વસ્તુઓ ઈચ્છે છે અથવા કોઈને ભેટ આપવા ઈચ્છે છે તો તેની કિંમતમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. ઉદાહરણ તરીકે આ મીઠાઈના ૧૦૦ નંગના બોક્સની કિંમત ૫૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચે છે.

# મણિપુર સરકારે રાજ્યમાં રમખાણોના વીડિયો અને તસવીરો પોસ્ટ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યા

ઈમ્ફાલ, તા.૧૬

મણિપુર સરકારે રાજ્યમાં રમખાણોના ફોટા અને વીડિયોના પરિભ્રમણ ઉપર પ્રતિબંધ મૂક્યો છે કારણ કે તેનાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. કમિશનર (હોમ) ટી રણજિતસિંહે એક આદેશમાં જણાવ્યું હતું કે સરકારના આદેશોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સામે કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, કોઈને પણ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેમ કે વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ વગેરે દ્વારા ટેબ્લેટ, કોમ્પ્યુટર, મોબાઈલ ફોન વગેરે જેવા ઈલેક્ટ્રોનિક સાધનો ઉપર આવા વિડીયો/છબીઓ/ચિત્રો પ્રસારિત/પ્રસાર કરવાની અને બલ્ક એસએમએસ મોકલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો કોઈની પાસે આવા વીડિયો/છબીઓ/તસવીરો હોય, તો તે અધિકારક્ષેત્રને ધ્યાનમાં લીધા વિના નજીકના પોલીસ અધિક્ષકનો સંપર્ક કરી શકે છે અને તેને સબમિટ કરી શકે છે. કોઈપણ વ્યક્તિ હિંસા/દ્વેષને ઉશ્કેરવા માટે ટેકનોલોજીનો દુરૂપયોગ કરશે તો તેની વિરૂધ્ધ પણ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ અને ઈન્ડિયન પીનલ કોડની સંબંધિત જોગવાઈઓ હેઠળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. હિંસાની આશંકા સાથે, રાજ્ય સરકારે બુધવારે વંશીય હિંસાગ્રસ્ત મણિપુરમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ ઉપરનો પ્રતિબંધ વધુ પાંચ દિવસ માટે ૧૬ ઓક્ટોબર સુધી લંબાવ્યો હતો. મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ ઉપરના પ્રતિબંધને વધુ લંબાવતા સિંહે તેમના આદેશમાં જણાવ્યું હતું કે, એવી આશંકા છે કે કેટલાક અસામાજિક તત્વો લોકોના જુસ્સાને ઉશ્કેરતી છબીઓ, દ્વેષપૂર્ણ ભાષણ અને ધિક્કારભર્યા વિડિયો સંદેશાઓના પ્રસારણ માટે વ્યાપકપણે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકે છે જે મણિપુર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર ગંભીર અસરો કરી શકે છે. વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલનને પગલે, મણિપુર સરકારે ૧૪૩ દિવસ પછી પ્રતિબંધ હટાવવાના બે દિવસ પછી ૨૬ સપ્ટેમ્બરે મોબાઈલ ઈન્ટરનેટ ડેટા સેવાઓને પાંચ દિવસ માટે સ્થગિત કરી દીધી હતી અને પછી તેને પાંચ દિવસ માટે લંબાવી હતી. આ અશાંત રાજ્યમાં સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં ૧૭ વર્ષની વિદ્યાર્થીની હિજામ લિન્થોઈંગામ્બી અને ૨૦ વર્ષીય ફિજામહેમજીતની હત્યાના વિરોધમાં વિદ્યાર્થીઓએ આંદોલનો કર્યા હતા. ઉત્તરપૂર્વીય મણિપુર રાજ્યમાં ૩ મે થી મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે મોટા પાયે વંશીય હિંસા ચાલુ છે, જેના પરિણામે ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા છે અને એક હજારથી વધુ લોકો ઘાયલ થયા છે, ઉપરાંત ૭૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# રાજ્યના કરાર આધારિત ફિક્સ-પેના કર્મચારીઓ માટે સહાયની જાહેરાત !

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં કરાર આધારિત ફિક્સ પેમાં કામ કરતાં વર્ગ ૩ અને વર્ગ ૪ના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં ફરજ દરમ્યાન અવસાન થાય છે તો તે સ્થિતિમાં કર્મચારીઓને ૧૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ અંગે રાજ્ય સરકાર દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે, કરારના સમય દરમ્યાન જો કોઈ કર્મચારીનું અવસાન થાય તો સરકાર તરફથી આર્થિક સહાય આપવામાં આવશે. મૃત્યુ પામનાર કર્મચારીના પરિવારને ૧૪ લાખ રૂપિયાની ઉચ્ચક સહાયની મદદ આપવામાં આવશે. અત્રે નોંધનીય બાબત છે કે, લાંબા સમયથી કરાર આધારિત કર્મચારીઓને ફરજ દરમ્યાન અવસાન પામે ત્યારે તેઓને સહાય આપવામાં આવી રહી હતી. જેમાં અગાઉ ઉચ્ચક ૮ લાખ રૂપિયાની સહાયની જોગવાઈ કરવામાં આવી હતી. જે અંગે કર્મચારીઓ તરફથી રજૂઆતો કરવામાં આવતા રાજ્ય સરકારે વિચારણા કરી નવા નિયમ હેઠળ ૧૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. અગાઉ સરકારને કરાર આધારિત વર્ગ ૩ અને વર્ગ ૪ ના કર્મચારીઓને કાયમી કરવા અને યોગ્ય વેતનનો લાભ આપવા પણ રજૂઆત કરાઈ હતી. રાજ્યમાં વર્ષોથી ફરજ બજાવતા કરાર આધારિત કર્મચારીઓને કોઈપણ કારણ જણાવ્યા વિના બરતરફ કરી દેવામાં આવતા હોવાની રજૂઆત પણ કરાઈ હતી. તેમજ તેમનુ ફરજ દરમ્યાન મૃત્યુ થાય તો પણ યોગ્ય સહાય મળે તેવી રજૂઆત સરકારને કરવામાં આવી હતી. જે પૈકી સહાય અંગેની રજૂઆતના સંદર્ભમાં આખરે સરકારે નિર્ણય લઈ તેની જાહેરાત કરી છે.

# હાઈ બ્લડ સુગર જેવી ક્રોનીક બીમારીઓ ધરાવતી વ્યક્તિમાં આત્મહત્યાનું જોખમ ૪૦% વધારે હોય છે

(એજન્સી) તા.૧૬

ડાયાબિટીસ જેવી દીર્ઘકાલીન બીમારીઓ ધરાવતા દર્દીઓ અથવા જેમણે તાજેતરમાં મોટી સર્જરી કરાવી છે, એવા લોકોને, જેઓ બીમાર ન હોય તેવા લોકોની સરખામણીમાં આત્મહત્યા કરવાની ૪૦ ટકા વધુ શક્યતા છે. આ વિવિધ સંશોધન પત્રોના તારણો છે. કેજીએમયુના મનોચિકિત્સા વિભાગના વરિષ્ઠ ફેકલ્ટી સભ્ય ડૉ. આદર્શ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, દીર્ઘકાલીન બિમારીઓથી પીડાતા અથવા મોટી સર્જરી પછી સ્વસ્થ થતા દર્દીઓના અચાનક મૃત્યુમાં માનસિક બીમારીનું સંભવિત જોડાણ હોય છે અને આવા દર્દીઓ મૃત્યુ પહેલા સંકેતો પણ આપે છે. જો તમે આ સંકેતોને ઓળખો છો, તો આવા મૃત્યુને ટાળી શકાય છે. તેમણે કહ્યું કે, અમારી ઓપીડીમાં આવતા આવા દર્દીઓને તેમના સારવાર કરતા ડોકટરો દ્વારા રીફર કરવામાં આવે છે અને તેમના પરિવાર દ્વારા પણ લાવવામાં આવે છે, તેઓ કોઈ પણ માનસિક સમસ્યા અનુભવી શકે છે આ દર્દીઓ આપણી આસપાસ અને આપણા ઘરોમાં પણ હોઈ શકે છે. કલ્યાણ સિંઘ સુપર સ્પેશિયાલિટી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ હોસ્પિટલ (**KSSSCIH**)ના તબીબી અધિક્ષક ડૉ. દેવાશિષ શુક્લાએ જણાવ્યું હતું કે, દીર્ઘકાલીન બિમારીઓનું નિદાન કરાયેલા મોટાભાગના લોકો શરૂઆતમાં પૂછે છે કે સારવારનું પરિણામ શું આવશે અને તેઓ સારવારથી બચી જશે કે નહીં. કેજીએમયુના મનોચિકિત્સક અને બલરામપુર હોસ્પિટલના મનોચિકિત્સક વિભાગના સિનિયર કન્સલ્ટન્ટ રહી ચૂકેલા ડૉ. શુક્લાએ કહ્યું કે, એક અઠવાડિયામાં ઓછામાં ઓછા એક કે બે આવા દર્દીઓ હોસ્પિટલની ઓપીડીમાં આવે છે અને હું કહી શકું છું કે વહેલી તકે સારવાર થાય તો ૯૦ ટકાથી વધુ લોકો સારો પ્રતિસાદ આપે છે. **KSSSCIH** ખાતે પણ, દર્દીઓ સારવારના પરિણામો વિશે પૂછે છે. અમે તેમના ડર પાછળનું કારણ ઓળખીએ છીએ અને તેમને સારવાર માટે પ્રેરિત કરીએ છીએ. દીર્ઘકાલીન બિમારીઓ વ્યક્તિને ભવિષ્યના જીવન અને નાણાંકીય બાબતો વિશે ચિંતામાં મૂકે છે. ડિપ્રેશન માટે જૈવિક કારણો પણ છે. તબીબી રીતે, હાઈ સુગર હોય તેવું શરીર સેલ્યુલર ઝેર છોડે છે અને તે, લાંબા ગાળે, અન્ય મહત્વપૂર્ણ અવયવો સાથે મગજ ઉપર પ્રતિકૂળ અસર કરે છે. આ ઝેર માનસિક બીમારીઓનું કારણ બને છે. માનસિક વિકૃતિઓ મોટે ભાગે એવી બીમારીઓ સાથે સંકળાયેલી હોય છે જેના કારણે પીડા થાય છે અથવા એવી બીમારીઓ જેમાં ઉચ્ચ મૃત્યુદર હોય, ઉદાહરણ તરીકે કેન્સર. તબીબી વિજ્ઞાનમાં પ્રગતિ હોવા છતાં, લોકો વિચારે છે કે હવે તેમનો અંત નિશ્ચિત છે. વહેલી તપાસ અને સારવારથી બચવાના દરમાં વધારો થાય છે પરંતુ ઘણા કિસ્સાઓમાં દવા તરીકે વપરાતું ઝેર કોષોને અસર કરે છે.

## મૂળ નડિયાદના અને હાલ કેનાડામાં રહેતા કોમ્પ્યુટર એન્જિનિયરે અસાધારણ ટોપી બનાવી

# અનોખી ટોપી જે પહેરવાથી વ્યકિતને આવેલ ખરાબ વિચારો, ખોટા નિર્ણયોને બદલવાની ક્ષમતા ધરાવે છે

નડિયાદ, તા.૧૬

હવે ટોપી પહેરાવી એટલે ઠગાઈ નહિ પરંતુ માનસિક સારવારની અનોખી થેરાપી બની જશે કેમકે નડિયાદના કમ્પ્યુટર એન્જિનિયર યુવકે એક ખાસ કેપ (ટોપી) તૈયાર કરી છે. જેમાં ટોપીમાં એક એવુ મશીન ફીટ કર્યુ છે કે, આ કેપ (ટોપી)નો ઉપયોગ કરતાને કોઈ નકારાત્મક વિચાર આવે તો તુરંત જ આ મશીન દ્વારા પ્રોજેક્ટર શરૂ કરી કોઈ પણ જગ્યાએ વોલ કે પડદા ઉપર તેના મનગમતા ફોટોગ્રાફસ જોઈ શકે છે જેથી તેના મનમાં ક્ષણીક આવેલ આત્મઘાતી વિચાર બદલીને આત્મવિશ્વાસ પેદા કરશે એટલુજ નહિ. આ ઉપરાંત આ કેપ (ટોપી) હદયના ધબકારાને પણ માપી જાણી શકાશે. નડિયાદમાં વછેવાડ વિસ્તારમાં ચબુતરી પાસે રહેતા અને હાલ છેલ્લા ૫ વર્ષથી કેનેડા વોટરલૂ સીટી ખાતે સ્થાયી થયેલા દિવીજ હરિકૃષ્ણ પટેલ પોતે કમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ ધરાવે છે. આ ૨૭ વર્ષિય દિવીજે અનોખી આરોગ્ય લક્ષી એક કેપ (ટોપી)નો આવિષ્કાર કર્યો છે. લગભગ ૪ વર્ષની મહેનત બાદ આ કેપ (ટોપી) બનાવવામાં દિવીજને સફળતા મળી છે. આ કેપ (ટોપી) કોઈ સામાન્ય કેપ (ટોપી) નથી, આ ખુબજ આરોગ્ય લક્ષી ટોપી છે. આ ટોપી પહેરવાથી વ્યક્તિને આવેલા ખરાબ વિચારો ખોટા નિર્ણયોને બદલવાની ક્ષમતા ધરાવે છે. હાલના ભાગતા દોડતા જીવનમાં દિવસના ૨૪ કલાકમાથી મોટા ભાગનો સમય વ્યક્તિના જીવનમાં તણાવ અને હતાશાનો હોય છે. જેથી તે ખોટા નિર્ણયો લઈ અથવા તો આત્મઘાતી પગલું ભરી દેતા પરિવાર ઉપર આભ તૂટી પડે છે. આવી અસરોથી બચવા દિવીજે ખાસ આ ટોપી બનાવી છે. કે જેમાં ટોપીની ઉપર એક બેટરીથી ચાલતા પ્રોજેક્ટર મુકવામાં આવ્યું છે. જે વ્યક્તિ આ ટોપી પહેરે અને આવો કોઈ વિચાર કે ખોટો નિર્ણય લેતા હોય તે પહેલા પ્રોજેક્ટર મારફતે વોલ કે કોઈ પ્લેન પડદા ઉપર તેના મનગમતા ચલચિત્ર બતાવે છે. જેમકે માવતરના ફોટોગ્રાફસ કે કોઈ ગમતા સેટ કરેલા ફોટોગ્રાફસ જોઈ આપણે આપણો વિચારને બદલાવે છે. અથવા તો ખોટો નિર્ણય લેતા અટકાવે છે. આ ટોપીમાં રીમાઈન્ડર પણ મુકવામાં આવ્યું છે. જેથી દવા, અગત્યના ઈમેલ સહિતની જરૂરી વસ્તુઓના સમય સેટ કરી દો તો આ ટોપી બીપના અવાજથી યાદ કરાવે છે. આ ટોપીના વપરાશ કરતાને અન્ય એ ફાયદો છે કે તે તેના હાર્ટ બીટને એટલે હદયના ધબકારાને માપી શકે છે અને પ્રોજેક્ટર મારફતે મનગમતા ફોટોગ્રાફસ જોઈને આ ધબકારાને શાંત કન્ટ્રોલ કરી શકે છે. દિવીજ પટેલે અગાઉ પણ એવી ઈલેક્ટ્રોનિક પેટન તૈયાર કરી હતી. જે બાદ આ ટોપીની પેટન તૈયાર કરી છે. આ ટોપીની પેટન ખાસ તબીબની ગાઈડ લાઈન મુજબ એટલે કે માર્ગદર્શન મેળવીને બનાવી છે. જેમાં નાની નોર્મલ બેટરી હોય જે મોબાઈલ ફોનમાં વપરાય છે તે પ્રકારની ઓછા વોલ્ટેજ વાળી બેટરી આ ટોપીને મોનેટરીગ કરે છે ખિસ્સામાં જે રીતે મોબાઈલ મુકીએ છે તેજ રીતે આ ટોપી ઉપર બેટરી ફીટ કરવામાં આવી છે અને પોતાના ફોનના વાઈફાઈ કે બ્લ્યુટૂથ થી કનેક્ટ કરી આ જોખમ સામે બચી શકાય છે. મહત્વનું છે, આ ટોપી સંપૂર્ણ વોટરપ્રુફ છે જેથી માથાના ભાગે થયેલ પરસેવો કે ભારે તાપમાનમાં પણ આ ટોપી વપરાશકરતાને શોર્ટસર્કીટનુ જોખમ રહેતું નથી. ભવિષ્યમાં આના સોફટવેરમાં બદલાવ કરીને એટલું સક્ષમ બનાવવાનો વિચાર છે કે, તે એક સ્માર્ટ ઘડિયાળની જેમ વપરાશકર્તાના ફોન ઉપર આવેલા મેસેજીસ, તેમજ કોલની પણ જાણકારી પ્રોજેક્ટ કરી શકે. તેમજ આ યંત્રમાં એક નાનું સ્પીકર પણ છે, જે આંખમાં તકલીફ હોય તેવા વપરાશકર્તાને રીમાઈન્ડર નોટ કે અગત્યની માહિતી વાંચીને પણ સંભળાવે છે. તેમ દિવીજ પટેલે વાતચીતમાં જણાવ્યું છે. સામાન્ય કોઈ પણ ઉંમરના લોકોને ફીટ થઈ રહે તેવી આ એડજેસ્ટ કરી શકાય તેવી આ ટોપી છે. જેના આગળના ભાગ ઉપર ૪ ઈંચ લાંબુ અને ૨.૫થી ૩ ઈંચ જેટલું પહોળું એક બોક્સ જેવું યંત્ર છે જેમાં મીની પ્રોજેક્ટર સીસ્ટમની સાથે સાથે કંટ્રોલ બોર્ડ મૂકેલુ છે જે વાયરલેસ કનેક્ટિવિટી અને પ્રોજેક્ટરને લગતા કામો ને મેનેજ કરે છે. તેમાં નાની ચાર્જ કરી શકાય તેવી બેટરી પણ મૂકવામાં આવી છે.

# રાજ્યના લાખો બાળકોને મધ્યાહ્ન ભોજન હેઠળ ભોજન મળતું નથી !

ગાંધીનગર, તા.૧૬

રાજયના લાખો ગરીબ બાળકોને મળતા મધ્યાહન ભોજન ઉપર સંકટ તોળાઈ રહ્યું છે. જો ટૂંક સમયમાં સરકાર અનાજનો જથ્થો નહીં આપે તો મધ્યાહન ભોજન કેન્દ્રો બંધ કરવાની સ્થિતિ ઉત્પન્ન થાય તેવી સંભાવના છે. છેલ્લા પાંચ મહિનાથી સરકારે અનાજનો જથ્થો ન આપતા રાજયના લાખો ગરીબ બાળકોને ભૂખે રહેવાનો વારો આવ્યો છે. ગુજરાત મધ્યાહન ભોજન મંડળનો આરોપ છે કે સરકારે છેલ્લા પાંચ મહિનાથી અનાજનો જથ્થો આપ્યો નથી. જેમાં ઘઉં, ચણા, દાળ અને તેલનો પુરતો જથ્થો મધ્યાહન યોજનાના સંચાલકોને મળ્યો નથી.પરિણામે તિથિ ભોજન ઉપર બાળકોને નિર્ભર રહેવું પડે છે.જો આગામી ૧૫ ઓક્ટોબર સુધીમાં પૂરતો જથ્થો નહીં મળે તો અનેક મધ્યાહન ભોજન કેન્દ્રો બંધ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કેટલાક કેન્દ્રોમાં દરરોજ માત્ર ભાત આપવા પડે છે.ત્યારે વાલીઓ સાથે ઘર્ષણ પણ થવાના બનાવો બને છે. પુરવઠા વિભાગને અનેક રજૂઆતો કરવા છતાં પૂરતો જથ્થો નથી મળી રહ્યો. સરકાર ત્રણ દિવસમાં જથ્થો પહોંચાડે તેવી માગ કરી છે.એટલું જ નહીં આરોપ એવો પણ છે કે બાળકોને યોગ્ય ભોજન નહીં મળવાથી તેમના પોષણ ઉપર ગંભીર અસર પડી રહી છે. સૌરાષ્ટ્ર તથા ઉત્તર અને દક્ષિણ ગુજરાતના સંખ્યાબંધ મધ્યાહ્ન ભોજન કેન્દ્રો ઉપર અનાજનો જથ્થો ઉપલબ્ધ કરાયો નથી. જેનો કારણે સ્થિતિ ખરાબ થ રહી છે. આ અંગે રજૂઆતો પણ કરાઈ છે. પરંતુ હજુ સુધી તેનો નિકાલ લેવાયો નથી. એક અંદાજ પ્રમાણે લાખો બાળકોનો ભોજન મળી રહ્યું નથી.

### હવનાષ્ટમીએ પશુબલી ઘટનાની જાણ કરો : વિજ્ઞાન જાથા

# ભારતમાં માનતાના નામે પશુબલી કરવી કાનુની અપરાધ : જાથા

### માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે : પશુબલીની આધાર-પુરાવા સાથે માહિતી આપવી પડશે : સરકારી તંત્ર-વિજ્ઞાન જાથાને જાણ કરવા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૬

ભારતમાં સદીઓથી પરંપરા, માન્યતા, રિવાજ, માનતાના નામે નૈવેધ્યમાં જીવતા પશુ-પક્ષીની બલી ચડાવવાની ગેરમાન્યતા જોવા મળે છે. અમુક જ્ઞાતિ આજે પણ પશુબલીમાં અતિ શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રિમાં આઠમ, નોમ, દશેરા, પૂનમના દિવસે પશુબલી અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાએ અભિયાન આદર્યું છે. રાજયમાં પશુબલી ઘટનાના સંદર્ભે આધાર-પુરાવા સાથે માહિતી આપવા લોકોને અપીલ કરવામાં આવી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં કાયદા પ્રમાણે પશુ-પક્ષીની બલી ચડાવવી ગુન્હાને પાત્ર છે. માનતા રાખનાર, પશુ-પક્ષીની હથીયારથી હત્યા કરનારા, તેને પ્રેરનારા, ધૂણીને કે માતાજીના નામે પશુબલીનો આગ્રહ કરનારા તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહીનો નિર્દેશ છે. પશુને ભુખ્યા રાખવા, વાહનમાં લાવવા, અમાનુષી ત્રાસ આપવા સંબંધી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવે છે. સરકારે એક પણ જ્ઞાતિ-સમાજને પશુબલી માટે માન્યતા આપી નથી કે કોઈપણ પ્રકારનો પરિપત્ર અસ્તિત્વમાં નથી. છતાં જાથાની જાણમાં આવ્યું છે કે પશુબલી મંજુરી સંબંધી પરિપત્રના અનેક સોગંદનામા કરી અંધમાન્યતામાં શ્રદ્ધા ધરાવતા લોકો પોતાની પાસે રાખી પશુબલી કોઈ અટકાવી શકે નહિ તેવો વિશ્વાસ રાખે છે વાસ્તવમાં ખોટો છે. આજે પણ કોઈપણ વ્યકિત, નાગરિક, જાગૃતો સરકારી તંત્રને જાણ કરે કે તુરંત પશુબલી અટકાવવા પોલીસ તંત્ર પહોંચી જાય છે. પશુબલી મંજુરી સંબંધી પરિપત્ર સંપુર્ણ ખોટો, બેબુનિયાદ, અસ્તિત્વ ધરાવતો ન હોય નિર્દોષ શ્રદ્ધાળુ કાયદાની ચુંગાલમાં ફસાય જાય નહિ તેવી જાથા માહિતી આપે છે. વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે જાથાએ પશુબલી અટકાવવા દેશવ્યાપી અભિયાન આદર્યું છે. નવરાત્રિમાં હવનાષ્ટમી, નોમ, દશેરા, પૂનમના દિવસે આજે પણ અમુક જ્ઞાતિ માનતા પ્રમાણે પશુબલીનો ધાર્મિક કાર્યક્રમ, માંડવો રાખે છે તે અટકાવવા જાથા કટિબદ્ધ છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમણે આધાર-પુરાવા સાથે માહિતી આપ્યા પછી ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ અટકાવવા સંબંધી તંત્રને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવશે. જાથાના અનુભવ પ્રમાણે અંગત રાગ-દ્વેષના કારણે હેરાન કરવાવાળા ખોટી માહિતી આપે છે. જાથા કોઈપણ સમાજની લાગણી દુભાવવા માંગતું નથી. આજ સુધી કોઈપણની ધાર્મિક લાગણી દુભાવી નથી. કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. રાજયમાં પશુબલી ઘટના સંદર્ભે માહિતી સરકારી તંત્ર અને વિજ્ઞાન જાથાને આપી નિર્દોષ પશુ-પક્ષીની હત્યા અટકાવવામાં નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવે છે. વધુમાં પંડયા જણાવે છે કે પશુ-પક્ષીની બલી ચડાવવી સામાજિક કલંક છે. નિર્દોષ પશુની હત્યાના બદલે મીઠા નિર્વેધ્ય શાકાહારી કરી શકાય છે. અમુક જ્ઞાતિએ ફેરફાર કરીને પશુબલી સદંતર બંધ કરી દીધી છે તેને જાથા આવકારે છે. અમુક ભુવા-માનતાનું જડતાપૂર્વક વર્તન કરી, માતાજી નારાજ, કોપાયમાન થાય તેવો ડર-ભાય બતાવી પશુબલીનો આગ્રહ રાખે છે તેમાં ફેરફાર કરાવવો જ્ઞાતિના સમાજ સુધારકની ફરજ છે. રાજયમાં જિલ્લા કક્ષાની કાર્યવાહી કમિટી બનાવી છે તે જીલ્લામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા, પંચમહાલ, ભુજ-કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અરવલ્લી, તાપી, રાજપીપળા વિગેરે જિલ્લા-તાલુકા મથકોએ માનતાના નામે પશુબલીની ઘટના સંદર્ભે કામગીરી સંભાળશે. જાથાના રાજુભાઈ યાદવ, નર્ભયિ જોશી, રવિ પરબતાણી, વિનુભાઈ ઉપાધ્યાય, પ્રમોદ પંડયા, વિનોદ વામજા, નાથાભાઈ પીપળીયા, મહેશ પટેલ, કિશોરગીરી ગોસાઈ, ભરત પંડયા, અંકલેશ ગોહિલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે સદસ્યો જિલ્લા મથકોએ આવેલી માહિતીની ખરાઈ કરી પશુબલી અટકાવવા સંબંધી કાર્યવાહી કરવાના છે. અંતમાં પશુબલીની આધાર-પુરાવા સાથે માહિતી મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ આપવા અનુરોધ છે.

# પ્રથમ નોરતે નરેશ પટેલની મહત્વની જાહેરાત : આગામી ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રાજકોટના અમરેલી ગામ ખાતે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન



### કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રામાં ભક્તો ઉમટી પડયા : પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ, યજ્ઞ કરીને નવરાત્રિનો પ્રારંભ કરાયો : ૧૩માં વર્ષે પ્રથમ નોરતે નરેશભાઈ પટેલની આગેવાનીમાં યોજાઈ પદયાત્રા

(પ્રતિનિધિ દ્વારા)

કાગવડ, રાજકોટ તા.૧૬

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની દર વર્ષની પરંપરા મુજબ આસો નવરાત્રિના પ્રથમ દિવસે પદયાત્રા યોજાઈ હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના આગેવાનીમાં ૧૫ ઓક્ટોબર ને રવિવારના રોજ કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ અને યજ્ઞ થકી મા ખોડલના પોંખણાં કરી નવરાત્રિનો શુભારંભ કર્યો હતો. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રા પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે મહત્વની જાહેરાત કરી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટના અમરેલી ગામ પાસે નિર્માણ પામનાર અદ્યતન કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન આગામી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ના શુભ દિવસે કરવાની જાહેરાત નરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. નરેશભાઈ પટેલે જણાવ્યું કે, આગામી ૨૧ જાન્યુઆરી એટલે કે શ્રી ખોડલધામ મંદિરના પાટોત્સવની તારીખે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજનનો ભવ્યાતિભવ્ય સમારોહ યોજાશે અને અમરેલી ગામ પાસે નિર્માણ પામનાર શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે. નરેશભાઈ પટેલની આ જાહેરાતને હાજર સૌ કોઈએ સહર્ષ તાળીઓના નાદ સાથે વધાવી લીધી હતી. સાથે જ આગામી ૨૨ ઓક્ટોબર ૨૦૨૩ ને આઠમા નોરતે પાટણ જિલ્લાના સંડેર ગામે નિર્માણ પામનાર શ્રી ખોડલધામ સંકુલના ભૂમિપૂજનની પણ માહિતી શ્રી નરેશભાઈ પટેલે આપી હતી. સાથે નરેશભાઈ પટેલે નવરાત્રિ પર્વની સૌને શુભકામના પાઠવી હતી અને મા ખોડલ સૌને સારૂ સ્વાસ્થ્ય પ્રદાન કરે અને રાષ્ટ્રને ઉપયોગી કાર્યો કરવાની વધુ ને વધુ શક્તિ પ્રદાન કરે તેવી પ્રથમ નોરતે મા ખોડલને પ્રાર્થના કરી હતી. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રામાં જોડાવા વહેલી સવારથી જ કાગવડ ગામે શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા. ૧૫ ઓક્ટોબર ને રવિવારના રોજ સવારે ૭-૩૦કલાકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલનું કાગવડ ગામવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.ત્યારબાદ શ્રી નરેશભાઈ પટેલે કાગવડ ગામ સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કાગવડ ગામે પ્રાથમિક શાળામાં નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓએ દિપ પ્રાગટ્ય કર્યું હતું.સંબોધન બાદ નરેશભાઈ પટેલ દ્વારા રથમાં બિરાજમાન મા ખોડલની આરતી કરવામાં આવી હતી. આરતી પૂર્ણ થતાં જ નરેશભાઈ પટેલે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પદયાત્રામાં મા ખોડલના રથની આગેવાનીમાં ડી.જે.ના તાલે ગરબા રમતાં રમતાં મા ખોડલના જય જયકાર સાથે ભક્તો કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી પહોંચ્યા હતા. પદયાત્રા મંદિરના પટાંગણમાં પહોંચ્યા બાદ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને ભાવિકોએ આશીર્વાદ લીધા હતા. મંદિરે મા ખોડલની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી ખોડલધામ મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની માફક આ વર્ષે પણ યજ્ઞશાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો. પદયાત્રામાં જોડાયેલા ભક્તો માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ફરાળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પદયાત્રાના માર્ગ પર ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહી હતી અને પાણી સહિતની વ્યવસ્થા સારી રીતે સંભાળી હતી. આ પદયાત્રામાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ખોડલધામના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કન્વીનરો, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ લિગલ સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, અન્ય વિવિધ સમિતિઓ, રાજકોટના તમામ લેઉવા પટેલ સોશિયલ ગ્રુપના સભ્યો, અટકથી ચાલતા લેઉવા પટેલ સમાજના પરિવારના સભ્યો, સમાજની સંસ્થાઓના સભ્યો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. નવરાત્રિ દરમ્યાન દરરોજ ખોડલધામ મંદિરે યજ્ઞશાળામાં હવન કરવામાં આવશે અને મા ખોડલને રોજ અવનવા શણગાર અને ધ્વજારોહણ કરી ભક્તો મા ખોડલની આરાધના કરશે. નવરાત્રિ હોવાથી મંદિર પરિસરને લાઈટિંગ અને ફૂલોથી શણગારી દેવામાં આવ્યું છે.

# ધામળેજ ગામે સેવા નિવૃત સન્માન સમારોહ અને શૈક્ષણિક ચિંતન સેમિનાર યોજાયો





### ગામના શિક્ષક માલાભાઈ ઝાલા નિવૃત્ત થતા શાળા પરિવાર, સમસ્ત ગામ દ્વારા આયોજન કરાયું : ધારાસભ્યો સહિતના મહાનુભાવો ઉપસ્થિતીમાં યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૬

ધામળેજ ગામે સેવા નિવૃત સન્માન સમારોહ અને શૈક્ષણિક ચિંતન સેમિનાર યોજાયો હતો. ગામના જ શિક્ષક માલાભાઈ ઝાલા નિવૃત્ત થતા ધામળેજ પે સેન્ટર શાળા તથા પેટા શાળા અને સમસ્ત ધામળેજ ગામ દ્વારા તેઓનું સન્માન સમારોહ અને શૈક્ષણિક ચિંતન સેમિનારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આ કાર્યક્રમની શરૂઆત કરતા પહેલા મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ધામળેજ ગામના શિક્ષક માલાભાઈ ઝાલાએ રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત કરનાર તથા વિદ્યાર્થીઓના હૃદયમાં સ્થાન પામનાર એવા કર્મ નિષ્ઠા શિક્ષક તરીકે સેવા બજાવેલ તથા ધામળેજ પે. સેન્ટર શાળા ને વટ વૃક્ષ બનાવનાર આચાર્ય તરીકેની અદભુત કામગીરી કરનાર અને સેવા આપેલ હતી તથા શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ લાવનાર શિક્ષક સંગઠનના પ્રમુખ પદે સફળ નેતૃત્ત્વ પૂરૂ પાડનાર તથા શિક્ષક શરાફી મંડળીને માતૃ સંસ્થા ગણી સેવા ભાવના નું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડનાર તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની તરીકેની કપરી કામગીરીને સરળ બનાવી તથા શિક્ષક સમાજમાં માનભર્યું સ્થાન મેળવનાર માલાભાઈ જગમાલભાઈ ઝાલા વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા પે સેન્ટર ખાતે તેવોનું સન્માન સમારોહ તથા શૈક્ષણિક ચિંતન સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમસ્ત ગામ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ શિક્ષકો તથા સમસ્ત ગ્રામજનો, મહાનુભાવો દ્વારા તેઓને સોનાની સુક,મોમેન્ટો, સાલ, ગિફ્ટ સહિતની વસ્તુઓ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા વિવિધ મહાનુભવો દ્વારા વક્તવ્યો આપવામાં આવ્યું હતું. હજુ પણ આપણું જીવન શિક્ષણને આપતા રહો તેવું આહવાન કરેલ આ સંભારંભના અધ્યક્ષ ભગવાનભાઈ બારડ ધારાસભ્ય તાલાળા તથા ઉઘાટક જશાભાઈ બારડ પૂર્વ કેબિનેટ મંત્રી ગુજરાત રાજ્ય તથા મુખ્ય મહેમાનોનું ઉપસ્થિતિમાં ગોવિંદભાઈ પરમાર ધારાસભ્ય તાલાળા, કાળાભાઈ ઝાલા પૂર્વ ધારાસભ્ય તાલાળા, રાજવીર સિંહ ઝાલા ઉ.પ્રમુખ જિલ્લા પંચાયત ગીર સોમનાથ, પન્નાબેન ટાંક ચેરમેન જિલ્લા શિક્ષણ સમિતિ ગીર સોમનાથ, શૈલેન્દ્રસિંહ રાઠોડ પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત જુનાગઢ, વરસીંગભાઈ પંપાણીયા પ્રાચાર્ય જિ. શિ. તા. ગીર સોમનાથ, રાજેશભાઈ ડોડીયા જિલ્લા શિક્ષણ અધિકારી ગીર સોમનાથ, નિલેશભાઈ અપારનાથી જિ. પ્રા. શિક્ષણાધિકારી ગીર સોમનાથ,ખીમાભાઈ વાજા પ્રમુખ તાલુકા પંચાયત સુત્રાપાડા, પી.જી. કરગઠિયા સાહેબ મામલતદાર સુત્રાપાડા, એમ.આઈ. પરમાર તાલુકા વિકાસ અધિકારી સુત્રાપાડા, જુસબભાઈ મલેક તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સુત્રાપાડા, રમેશભાઈ બારડ બી.આર.સી.કો-ઓડિનેટર સુત્રાપાડ, રમેશભાઈ ખેર કેળવણી નિરીક્ષક શિક્ષણ સુત્રાપાડા-૧, નારણભાઈ પરમાર કેળવણી નિરીક્ષક શિક્ષણ, સુત્રાપાડા-૨ આચિંતન શિબિરના મુખ્ય વક્તા ડો.કે.કે.કરકર પૂર્વ પ્રાચાર્ય જિ.શિ.તા.ભવન જૂનાગઢ, ભરતભાઈ મેસિયા લેકચરર, જિ.શિ.તા.ભવન જૂનાગઢ, ઓઘડભાઈ વાળા સરપંચ ગામ પંચાયત ધામળેજ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તથા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ગીર સોમનાથ તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ સુત્રાપાડા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળી પ્રાસલી તથા સમસ્ત ગ્રામજનો તથા શિક્ષક મિત્રોની બહોળી સંખ્યામાં ઉસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વરુચિ ભોજન સાથે લઈને છૂટા પડ્યા હતા. (તસ્વીર : જાદવ ચુડાસમા)

### અવસાન નોંધ

જૂનાગઢ નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ વસંતરાય આણંદજી ઓઝા(ઉ.વ.૯૯) તે હરીશભાઈ, કિશોરભાઈ, મુકેશભાઈ, જ્યોત્સનાબેન કાંતિલાલ મહેતા, સુધાબેન નરેશભાઈ દવે, જયશ્રીબેનના પિતાશ્રી, હાર્દિકભાઈ, વૈભવીબેન, ભૈરવીબેન, કૈરવીબેન, હર્ષભાઈના દાદા તેમજ કવીશના મોટા દાદા તા.૧૫-૧૦-૨૦૨૩ રવિવારના અક્ષર નિવાસી થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૬-૧૦-૨૦૨૩ના બપોરના ૪ થી ૬ કલાકે નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ સમાજની વાડી, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# પ્રાચી તીર્થ ખાતે નેત્ર નિદાન કેમ્પ, હાડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૬

પ્રાંચી તીર્થ ખાતે શ્રી સદગુરૂ સુપર મેગા નેત્ર યજ્ઞ, તથા હાડવૈદ નિદાન તથા જનરલ ચેકઅપ કેમ્પ તારીખ ૧૮-૧૦-૨૩ને બુધવારના રોજ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે રાખવામાં આવેલ છે. સમય સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી યોજાશે જેમાં શ્રી રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ રાજકોટ ના સેવાભાવી ડોક્ટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપ છે તથા જનરલ ચેકઅપ કેમ્પ ના ડો.ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા ફાટક વાળા તથા હાર્ડ વૈદ નિદાનના રવિરાજભાઈ બેરડીયા તાલાળા વાળા દ્વારા હાથ, પગ, કમર સહિતના સાંધાઓને માલીશ કરી પોતાની સેવાઓ આપી નિદાન કરી વિના મૂલ્ય દવાઓ પણ આપવામાં આવશે તથા ડો.મિલનભાઈ ચોવટીયા પ્રાચી દ્વારા નિદાન, સારવાર કરવામાં આવશે અને દવા વિના મૂલ્યે આપવામાં આવશે આ વિનામૂલ્યે સદગુરૂ નેત્રયજ્ઞ માં આંખના રોગનું નિદાન કરી જરૂરિયાતવાળા મોતિયાના દર્દીને શ્રી રણછોડદાસબાપુ આંખની




હોસ્પિટલ બસમાં લઈ જઈ અત્યાધુનિક ફેંકો મશીન દ્વારા ટાંકા વગરના સારામાં સારા સોફટ કોલ્ડેબલ લેન્સ નેત્ર મણી સાથે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે. આવનાર દર્દીઓને રહેવા જમવા શુદ્ધ ઘીનો શીરો ચા-પાણી નાસ્તો ચશ્મા દવા ટીપા મફત આપવામાં આવશે. આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુકવાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે. દર્દીઓને કોઈ પણ પ્રકારની તકલીફ ના પડે તે માટે શ્રી રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત દરેક દર્દીને કોઈ પણ બીમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે. આ કેમ્પમાં આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મોબાઈલ નંબર ૯૯૭૮૫ ૨૩૧૮૨ ઉપર સંપર્ક કરવા દર્દીઓને અનુરોધ કરાયો છે અને આ કેમ્પમાં આવતાં તમામ દર્દીઓને સાથે આધારકાર્ડ ફરજિયાત લાવવાનું રહેશે. (તસ્વીર : જાદવ ચુડાસમા)

# ગાયત્રી મંદિર સંકુલમાં ભારતનાઠયમની કૃતિ રજુ કરી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

ગાયત્રી મંદિર સંકુલમાં આયુષી ટાંક દ્વારા ભારતીય શૈલીમાં "માં"નાં નોરતા નિમિતે આહવાન સ્વરૂપે ભારત નાટ્યમની કૃતિ રજુ કરેલ હતી. જેને શ્રી ઋષિ રાજ આશ્રમનાં માતાજી પૂજ્ય મહેશ્વરી દેવી આશિર્વાદ આપ્યા હતા.

# કેશોદમાં વાસુદેવ સંગઠન દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

(ગોવીંદ હડીયા દ્વારા)

કેશોદ તા.૧૬

કેશોદમાં વાસુદેવ યુવા સંગઠન દ્વારા લોક ઉપયોગી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેછે જેના ભાગરૂપે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું કેશોદની સંજીવની હોસ્પિટલ દ્વારા રાહતદરે દર્દીઓની તપાસ સારવાર જરૂરી દવાઓ આપવામાં આવેછે સંજીવની હોસ્પિટલના સહયોગથી વાસુદેવ યુવા સંગઠન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વીસ જેટલા દાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યુ હતું એકત્ર કરેલ બ્લડ કેશોદની પટેલ વોલન્ટરી બ્લડ બેંકમાં જમાં કરાવેલ હતું વાસુદેવ યુવા સંગઠન દ્વારા આગામી દિવસોમાં લોક ઉપયોગી કાર્ય કરતા રહેવાની ભાવના સાથે લોક ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરશે તેમ વાસુદેવ યુવા સંગઠન પ્રમુખ ભરત બોરીચાએ જણાવ્યું હતું.

# એપલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિપશ્યના સમિતિ જામનગર દ્વારા યોજાઈ વિપશ્યના બાલ આનાપાન ધ્યાન શિબિર



જામનગર તા.૧૬

કલ્યાણ મિત્ર સત્યનારાયણ ગોએન્કાજી નાં સાનિધ્યમાં ચાલતી વિપશ્યના સમિતિ જામનગર દ્વારા ધોરણ ૫ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીની બહેનો માટે એક સરસ મજાની વિપશ્યના બાલ આનાપાન શિબિર નું સુંદર આયોજન એપલ ઈન્ટરનેશનલ સ્કૂલ માં કરવામાં આવ્યું હતું.આ શિબિર નો મુખ્ય આશય એ હતો કે શિબિર માં જોડાનાર બાળકો ને તેના દૃષ્ટિકોણ ,વ્યવહાર,અને મનીવૃતિમાં સકારાત્મક ફેરફારો જોવા મળે છે.અને આ શિબિર માં ૮ થી ૧૬ વર્ષ ની ઉંમર નાં બાળકો ભાગ લઈ શકે છે.આ શિબિર થી બાળકોની યાદ શક્તિ અને સારા પરિણામ લાવવામાં પણ ફાયદો થાય છે.સમગ્ર શિબિર નું સંચાલન વિપશ્યના સમિતિ જામનગર માંથી પધારેલ રસિકભાઈ દવે અને પી.એમ.દવે સર દ્વારા સુંદર મજાનું આયોજન કરવામાં આવ્યું હતું.અને તમામ વિદ્યાર્થીઓને ગોએંકાજી નાં ઓડિયો ક્લિપ અને વિડિયો ક્લિપ દ્વારા આનાપાન ધ્યાન કરાવ્યું હતું.અને સાથે જ આ ધ્યાન રોજ સવારે ૧૦ મિનિટ અને સાંજે ૧૦ મિનિટ કરવાથી જીવન માં થતાં ફેરફાર ની સમજુતી આપી હતી.અને શાળા ના આચાર્ય શ્રી જીજ્ઞેશભાઈ ચાંગાણી શિક્ષકશ્રી જીજ્ઞેશભાઈ વિપશ્યના સમિતિ જામનગર નાં ભાઈઓ ને આવકારી પ્રાસંગિક ઉદ્બોધન માં વિદ્યાર્થીઓ ને જીવન માં ધ્યાન નું કેટલું મહત્વ છે તેની સમજુતી આપી હતી. અને દાણીધારિયા દ્વારા વિપશ્યના સમિતિ જામનગર ની ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

